**સુવિચાર**

''નસીબ લિફ્ટમાં જતું હોય છે, પુરૂષાર્થને તો હંમેશા પગથિયા જ ચડવા પડતાં હોય છે.''

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૦૪/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ વૈશાખ સુદ-૧૦ વર્ષ : ૧૭ અંક : ૧૧૩


## તંત્રી સ્થાનેથી....

## ગંદકી, રખડતા પશુઓ, બંધ સ્ટ્રીટલાઈટ, અનિયમિત પાણી વિતરણ સહિતની સમસ્યાઓ દૂર કરાવવા અચૂક મતદાન કરો

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લાની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીનું મતદાન રવિવારે થવાનું હોય સમગ્ર જિલ્લાનાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારનાં મતદારોએ અચૂક મતદાન કરવું જરૂરી છે.

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ એ નાગરિકોને સફાઈ, નિયમિત પીવાનું પાણી, રખડતા પશુઓથી છુટકારો, સારા માર્ગો, સ્ટ્રીટ લાઈટ સહિતની પ્રાથમિક સુવિધાઓ આપવાની હોય છે. તેમજ શહેર કે ગ્રામ્ય વિસ્તારમાં કોમ્યુનિટી હોલ, રમતગમતનું મેદાન, બાગ-બગીચા જેવી સુવિધાઓ ઉભી કરવાની હોય છે અને લગભગ દરેક નાગરિકને પંચાયત કે પાલિકાને લગત કોઈને કોઈ કામ અવશ્ય રહેતું હોય છે અને ચૂંટણીમાં મતદાન કરવું એટલે પોતાની પ્રાથમિક સુવિધા વધારવા માટેનું ઉત્તમ કાર્ય છે.

રવિવારે મતદાન હોય અને આપણે આળશ કરીએ અથવા તો બધા જ ઉમેદવારો સરખા છે કોઈ કામ કરતું નથી તેવા નેગેટિવ વિચાર કરવાને બદલે તમને જે યોગ્ય વ્યકિત લાગે તેને મતદાન કરો. પક્ષ ભૂલીને વ્યકિત જોઈને સૌએ મતદાન કરવુ જોઈએ. એક દિવસ માટે થોડી મિનિટો લગાવીને યોગ્ય ઉમેદવાર પસંદ નહી કરો તો પાંચ વર્ષ સુધી ગંદકી, રખડતા પશુઓ, બિસ્માર માર્ગો, બંધ સ્ટ્રીટલાઈટ કે અનિયમિત પાણી વિતરણ સહિતનાં પ્રશ્નો દૂર કરવા રજૂઆત કર્યા કરવી પડે તેના કરતાં જે કોઈ ઉમેદવાર છે તેમાંથી શ્રેષ્ઠ ઉમેદવાર તરફી મતદાન કરો.

### છેલ્લા ૨ વર્ષથી શહેરીજનો રજૂઆત કરીને થાકયા છતાં કોઈ ઉકેલ નહી

## અમરેલીનાં આકાશમાં ઉડતા ટચુકડા તાલીમી વિમાનોની અવરજવરનો ઘોંઘાટ સૌ માટે માથાનાં દુઃખાવારૂપ

### દિવસ અને રાત્રિ દરમિયાન સતત ઘોંઘાટથી પરેશાની વધી રહી છે



અમરેલી, તા. ૨૫

અમરેલી શહેરમાં છેલ્લા ૨ વર્ષથી શરૂ થયેલ પાયલોટ ટ્રેનિંગ સેન્ટર શહેરીજનો માટે સુવિધારૂપ બનવાને બદલે માથાના દુઃખાવારૂપ બની ગયું છે. દિવસ અને રાત્રિ દરમિયાન ખુલ્લા આકાશમાં ટચુકડા વિમાનોની અવરજવરથી સતત ઘોંઘાટનો માહોલ છવાઈ રહ્યો છે.

સવારનાં ૬થી મોડી રાત્રિ કે વ્હેલી સવાર સુધી દર પાંચ-દશ મિનિટે ટચુકડા તાલીમી વિમાનોની અવરજવર રહેવાથી શહેરીજનોની શાંતિ વેરવિખેર થઈ ચુકી છે. નાના બાળકો, વૃધ્ધ અને બીમાર વ્યકિત સતત ઘોંઘાટથી તોબા પોકારી ચુકયા છે તેમજ પશુ અને

અનુસંધાન પાના ૬ ઉપર

### સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં સજા ફટકારાઈ

## અમરેલીનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી તરૂણીને ભગાડી જનાર ઈસમને આજીવન કેદની સજા

### ભોગ બનનારને રૂપિયા ૪ લાખનું વળતર પણ અપાશે

અમરેલી, તા. ૨૫

અમરેલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારના વિસ્તારમાં રહેતી એક ૧૫ વર્ષની તરૂણીને દાહોદ પંથકમાં રહેતો એક તેમનો પરીણિત સંબંધી શખ્સ એક વર્ષ પહેલાં લગ્ન કરવાની લાલચ આપી ગંદુ કામ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયેલ હતો. આ બનાવ અંગે જે તે સમયે તરૂણીના પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી. આ અંગેનો કેસ અમરેલીની સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની ધારદાર દલીલો તથા કોર્ટ સમક્ષ રજુ કરેલ પુરાવાને અદાલતે ધ્યાને લઈ આરોપીને કસુરવાર ઠરાવી આજીવન કારાવાસ (આરોપીની બાકી રહેલ કુદરતી જીંદગી સુધી)ની સખત કેદની સજા તથા રૂપિયા ૩૦,૦૦૦ના દંડની સજાનો હુકમ કર્યો હતો.

વધુમાં, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૫(૧)માં ઠરાવ્યા મુજબ આરોપી દ્વારા ભરેલ દંડની રકમ ભોગ બનનારને વળતર પેટે ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવેલ છે તથા ભોગ બનનારને વળતર પેટે રૂા. ૪,૦૦,૦૦૦ સરકારમાંથી ચૂકવી

અનુસંધાન પાના ૬ ઉપર

### વન વિભાગનાં ઓપરેશન દરમિયાન

## મિતિયાળા વિસ્તારમાં સસલાનો શિકાર કરતાં બે શખ્સો ઝડપાયા

### બંને આરોપીને ૫૦ હજારનો દંડ ફટકારાયો



અમરેલી, તા. ૨૫

સાવરકુંડલા રેન્જના મિતિયાળા વિસ્તારમાં વ્હેલી સવારે હાથ ધરાયેલા ખાસ ઓપરેશન દરમિયાન સસલાનો શિકાર કરતા બે શખ્સોને વનવિભાગે રંગેહાથ ઝડપી પાડયા હતાં.

વન વિભાગને મળેલી ગુપ્ત માહિતીના આધારે મિતિયાળા રાઉન્ડના નાનુડી બીટ વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ અને નજર રાખવામાં આવી રહી હતી. વ્હેલી સવારે આશરે ૫ વાગ્યે એક શંકાસ્પદ બાઈક પસાર થતાં વનકર્મીઓએ તેને રોકી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન બાઈકમાંથી એક મૃત સસલું તેમજ ત્રણ મેવટા મળી આવતા શિકારની ઘટનાની પુષ્ટિ થઈ હતી. જેના પગલે વિજપડીના રહેવાસી રમેશ નાનજીભાઈ પરમાર અને રમેશ શામજીભાઈ ગોઠડિયાને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

ઝડપાયેલ બંને આરોપીઓ વિરૂદ્ધ વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ વિવિધ કલમો મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો અને રૂપિયા ૫૦ હજારનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. તેમજ શિકારમાં વપરાયેલું બાઈક પણ જપ્ત કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યવાહી

અનુસંધાન પાના ૬ ઉપર

## વીર હમીરસિંહજી ગોહિલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ



સોમનાથ મહાદેવની રક્ષા માટે આપેલ તેમનું બલિદાન ભારતીય ઈતિહાસનાં ગૌરવશાળી અધ્યાયોમાં એક અવિસ્મરણીય સ્થાન ધરાવે છે. આ અવસરે લાઠી રોડ ડેવલપમેન્ટ સમિતિ ધ્વારા વીર હમીરસિંહજી ગોહિલની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવેલ.

### સવારનાં ૧૧થી સાંજનાં ૫ સુધી વાતાવરણ ગરમ

## અમરેલી પંથકમાં તાપમાનનો પારો ૪૩.૭ ડીગ્રી : રાજયમાં સૌથી વધુ તાપમાન નોંધાયુ

### છેલ્લા ૩ દિવસથી સતત તાપમાનમાં વધારો

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં ચાલુ ઉનાળાની સિઝનમાં આજે ફરી એક વખત તાપમાનમાં વધારો થતાં તાપમાન ૪૩.૭ ડીગ્રી સુધી પહોંચી જતાં સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ તાપમાન ધરાવતું શહેર બનાવ પામેલ છે. જેને લઈ લોકો ઉનાળાના આકરા તાપમાનથી ત્રાહિમામ પોકારી ઉઠયાં છે.



અમરેલી શહેરમાં આજે બપોરનાં ચાલુ ઉનાળાની સિઝનમાં તાપમાન ૪૩.૭ ડિગ્રી સુધી પહોંચી જતાં લોકો કામ વગર ઘર કે ઓફિસ બહાર નીકળવાનું ટાળતાં શહેરની મુખ્ય બજાર તથા રસ્તાઓ સુમસામ ભાસતા હતાં.

અમરેલી જિલ્લામાં ગુરૂવારે ૪૨.૫ ડીગ્રી સાથે ગુજરાતનું સૌથી ગરમ શહેરમાં નોંધાયા બાદ ગઈકાલે શુક્રવારે ૪૩.૩ ડીગ્રી તાપમાન થવા પામેલ હતું. ગઈકાલ કરતાં પણ આજે વધુ તાપમાન ઉંચુ થઈ ચાલું ઉનાળાની સિઝનમાં સૌથી વધુ પ્રથમ વખત તાપમાન ૪૩.૭ ડીગ્રી સુધી પહોંચી ગયું છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે હજુ તાપમાનનો પારો વધુ ઉંચે જાય તેવી શકયતા વચ્ચે લોકો વ્હેલી સવારે પોતાના કામ આટોપી લઈ અને ધોમધખતા તાપમાં ખાસ કરી બાળકો તથા વૃધ્ધ લોકો ઘર બહાર નીકળવાનું ટાળે તે ઈચ્છનીય છે.


( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )

નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪

ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ

ડો. ડી.એમ. ઉનડકટ (M.D.)
ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.)
ડો. દ્રષ્ટિ પંડયા (બીપીટી ફીઝીયોથેરાપીસ્ટ)

અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલટન્ટ

ડો. ઉત્સવ ઉનડકટ
(ઈન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો. ૯૧૦૭૩ ૯૧૫૬૬

ડો. કોમલ વ્યાસ ઉનડકટ
(ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦

Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬

હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..

ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..

:: લક્ષણો ::
● ઉદાસી રોગ
● મરવાના વિચાર આવવા
● વિચારવાયુ
● વહેમ, શંકા
● મંદબુધ્ધિ બાળકોની સારવાર
● ચિંતા - ટેન્શન
● માથાનો દુઃખાવો
● જાતિય રોગો
● વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા

સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.

Mo. 97370 28181 | Ph. 02792-224224

મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદા ઉપલબ્ધ...

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી અમરેલી માં...

Apollo HOSPITALS

| | |
|---|---|
| દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. જતીન વખારિયા<br>કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન<br>MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS |
| દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. પાર્થ જોષી<br>MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર) મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જન |
| દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી<br>ડો. સંદીપ ખેની<br>હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. શ્રેયા બુટાલા<br>MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist |

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સંપર્ક : ૮૨૩૮૯૮૪૦૦૦ | ૭૬૯૮૮૧૫૩૧૫

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 8238984000 & 7698815315
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

# જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતનાં ભાજપનાં ઉમેદવારોનાં સમર્થનમાં બેઠક યોજાઈ



અમરેલીનાં રીકડીયા ગામે જિલ્લા પંચાયતની મોટા આંકડીયા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર ડેનીભાઈ પરમાર અને તાલુકા પંચાયતનાં ઉમેદવાર રેખાબેન ભંડેરીનાં સમર્થનમાં ચુંટણી પ્રચાર દરમિયાન રીકડીયા ખાતે એક બેઠક યોજાઈ હતી. જેમાં પ્રદેશ ભાજપનાં મીડિયા પ્રવકતા, શૈલેષ પરમાર સહિતનાં આગેવાનોએ ગુરૂવારે સાંજનાં સમયે મતદારોને ભાજપ તરફી મતદાન કરવા અનુરોધ કર્યો હતો.

### પ્રદેશ કોંગ્રી પ્રમુખ અમિત ચાવડાનું આશ્ચર્યજનક નિવેદન

## આવનારા દિવસોમાં આમ આદમી પાર્ટી ભાજપમાં મર્જ થઈ જાય તો નવાઈ નહી

### આરએસએસનાં સહયોગથી ચાલતી ''આપ'' ખુલ્લી પડી

અમદાવાદ, તા. ૨૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે ભાજપ અને આમ આદમી પાર્ટીની નૈતિકતા અને લોકશાહીનાં નામે ચાલતો દંભ હવે પ્રજા સમક્ષ સંપૂર્ણપણે ઉઘાડો પડી ગયો છે. એક તરફ ભારતીય જનતા પાર્ટીનું ભ્રષ્ટ 'કટકી અને કમિશન' રાજ તેમજ કમલમનું નેકસસ ગુજરાતનાં વિકાસને ઉધઈની જેમ કોતરી રહ્યું છે, ત્યારે બીજી તરફ ભાજપની જ 'બી–ટીમ' તરીકે અને આર.એસ.એસ. ના ફન્ડિંગથી ચાલતી આમ આદમી પાર્ટીનો અચલી ચહેરો સામે આવી ગયો છે. ૨૦૧૩થી દેશની જનતાને છેતરવા માટે રચાયેલું આ સુનિયોજિત રાજકીય ષડયંત્ર ગઈકાલની ઘટનાઓથી વિશ્વ સમક્ષ ખુલ્લું પડયું છે. સત્ય એ છે કે આ બંને પક્ષો કયારેય એકબીજાનાં વિરોધી હતા જ નહીં, પરંતુ જનતાની આંખમાં ધૂળ નાખવા માટે વર્ષોથી વિરોધનું નાટક કરી રહ્યા હતા. તેર વર્ષ સુધી ચાલેલા આ જૂઠાણાં અને લોકશાહી પરંપરાઓને કલંકિત કરનારા અવસરવાદનો હવે અંત આવ્યો છે અને પ્રજાએ આ બંને પક્ષોના અસલી ચાલ, ચરિત્ર અને ચહેરાને ઓળખી લીધા છે.



ગુજરાત અને સમગ્ર દેશ આજે એક સુનિયોજિત રાજકીય ષડયંત્રનો સાક્ષી બની રહ્યો છે, જેમાં ઈન્ડિયા અગેન્સ્ટ કરપ્શન (આઈ.એ.સી) આંદોલનથી લઈને આમ આદમી પાર્ટીના ઉદય સુધીની તમામ કડીઓ આર.એસ.એસ. અને ભાજપનાં 'બ્રેન ચાઈલ્ડ' હોવાનું ખુલ્લું પડી ગયું છે. કોંગ્રેસને સત્તાથી દૂર કરવા માટે અન્ના હઝારેનેઆગળ કરી જે ખેલ ખેલાયો હતો, તે વાસ્તવમાં ભાજપની 'બેક સીટ ડ્રાઈવિંગ' રણનીતિનો જ ભાગ હતો. ગઈકાલે રાજયસભાનાં બે તૃતીયાંશ સાંસદોનું અચાનક ભાજપમાં વિલીનીકરણએ કોઈ સંયોગ નથી, પહેલેથી રચાયેલું વ્યવસ્થિત ષડયંત્ર હતું. આવનારા દિવસોમાં જો એવા સમાચાર આવે કે અરવિંદ કેજરીવાલ પોતે આખી આમ આદમી પાર્ટી સાથે ભાજપમાં મર્જ થઈ ગયા છે, તો નવાઈ પામવા જેવું નહીં હોય. ગુજરાતમાં ભરૂચનાં ભાજપ સાંસદ ખુલ્લેઆમ નિવેદન કરી રહ્યા છે કે, થોડા સમયમાં એક સીટિગ એમ.એલ.એ. આમ આદમી પાર્ટી છોડીને ભારતીય જનતા પાર્ટીમાં જોડાવાના છે એવું જાહેરમાં કહી રહ્યા છે. સૌરાષ્ટ્રનાં એક ભાજપનાં નેતા જાહેરમાં ભાષણ કરી રહ્યા છે કે, તમે આપના લોકોને જીતાડશો તો થોડા દિવસમાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ જવાના છે. આ સાબિત કરે છે કે આમ આદમી પાર્ટીએ ભાજપની જ બી–ટીમ છે. જેમ જેમ રાહુલ ગાંધીનાં નેતૃત્વમાં કોંગ્રેસ પ્રત્યે જનસમર્થન વધી રહ્યું છે અને ૨૦૨૯માં પરિવર્તન નિશ્ચિત દેખાઈ રહ્યું છે.

છેલ્લા બાર વર્ષથી કોંગ્રેસ સતત આક્ષેપ કરતી રહી છે કે, આમ આદમી પાર્ટીએ ભાજપ અને આર.એસ.એસ.નો જ એક ભાગ છે, જેનો ઉદ્દેશ્ય કોંગ્રેસ પક્ષનાં મતો તોડી ભાજપને ફાયદો કરાવવાનાં છે. ૨૦૨૨ની ગુજરાત વિધાનસભા ચૂંટણીનાં પરિણામોએ લોકોમાં આ શંકાને વધુ દ્રઢ બનાવી છે. આપ એક સુવ્યવસ્થિત રણનીતિનાં ભાગરૂપે એન્ટી–ઈન્કમ્બન્સી મતોનું વિભાજન કરવા માટે એક વ્યવસ્થિત પ્લાનીગ અને સપોર્ટથી થઈ રહ્યો છે. હવે કોઈને પણ આશ્ચર્ય નથી કે, આમ આદમી પાર્ટી ભાજપની ઈ ટીમ છે.આ સંસદ સભ્યો ભારતીય જનતા પાર્ટીમાં મર્જ થયા છે.હજુ તો એવા પણ અહેવાલ છે કે, થોડા દિવસોની અંદર પંજાબ સરકારનાં બહુમતી ધારાસભ્યો લિખિત સ્વરૂપે જાહેરાત કરવાના છે કે, અમે બધા જ આમ આદમી પાર્ટીનાં ધારાસભ્યો ભારતીય જનતા પાર્ટીમાં મર્જ થવા જઈ રહી છે આમ પંજાબનાં લોકો છેતરાયા અને સમગ્ર દેશ સાથે વિશ્વાસઘાત થયો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે આયોજિત આ પત્રકાર વાર્તામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશી, મીડિયા કો કન્વીનર અને પ્રવક્તા હેમાંગ રાવલ તથા એ.આઈ.સી.સી. ના ગુજરાત સોશિયલ મીડિયા પ્રભારી કે.કે. શાસ્ત્રી અને વરિષ્ઠ આગેવાન નવીનભાઈ ભાવસાર (મામા) ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સ્વર્ણ એગ્રોફેડ પ્રોડ્યુસર કંપની લિ.ની મુલાકાત



અમરેલી, તા. ૨૫

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા તા. ૨૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ સાવરકુંડલા તાલુકાના ખેડૂત ઉત્પાદક સંગઠન (એફ.પી.ઓ.)ની મુલાકાત લીધી. જેની અંદર ચણા અને તુવેરની ટેકાના ભાવે ખરીદી ચાલુ છે. આ ઉપરાંત કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. મિનાક્ષી કે. બારીયા દ્વારા જમીન અને પાણીના પૃથ્થકરણ વિશે સમજાવ્યું તથા ખાતરનો સંતુલિત ઉપયોગ કરવો એ વિશે ખેડૂતોને માહિતગાર કર્યા. જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના જૈવિક ઉત્પાદનનાં વેચાણ જેવા કે ગીર સાવજ ટ્રાયકોડર્મા એક લાભદાયક ફૂગ જે જમીન જન્ય રોગ માટે ઉપયોગી છે અને બ્યુવેરીયા જીવાણુંજન્ય ફૂગ જે જૈવિક જીવાત નિયંત્રણ માટે ઉપયોગી છે તેના અંગે વિષય નિષ્ણાત ડો. સ્વેતાબેન પટેલે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ બાઢડા ગામે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની મુલાકાત લીધી અને પ્રાકૃતિક મોડેલ ફાર્મની મુલાકાત કરી તેમને પ્રાકૃતિક ખેતીમાં રાખવાની થતી કાળજી વિશે વાત કરી.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયકૂંડા
Mo. 93770 03636

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

આપના શેરને લગતી મુંજવણોનું સચોટ સોલ્યુશન
IEPF માં ગયેલા શેર હવે પાછા મેળવો !
IEPF માં ટ્રાન્સફર થયેલા તમારા શેર ખાતરીપૂર્વક પરત મેળવી આપીએ છીએ
■ જુના શેર સર્ટિફિકેટનું ટ્રાન્સફર ■ બાકી રહેલા ડિવિડન્ટ મેળવવાની સેવા ■ શેર વારસાઈ (Transmission) પ્રક્રિયા પૂર્ણ ■ તમામ પ્રકારની શેર સંબંધિત માર્ગદર્શન ■ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ માટે આજે જ સંપર્ક કરો ■ યોગ્ય માર્ગદર્શન સાથે સુરક્ષિત રોકાણ માટે જરૂર મળો
SHYAM WEALTH CREATION
16-17, સિવિલ રોડ, ડાયમંડ માર્કેટ સામે, અમરેલી વર્ષિલ સાવલિયા 99255 40007 - 99047 42662

આયુર ગ્લો
ખરતા વાળનું બેસ્ટ સોલ્યુશન
Hair Mask Powder
હવે મેળવો મજબૂત અને સ્વસ્થ વાળ





+91 91060 20550
દુકાન નં. 1-2, ગ્રાઉન્ડ ફ્લોર, હોટેલ અમરેલી ઈન, સ્ટેશન રોડ, માણેકપરા, અમરેલી

સ્વાસ્થ્યની સફરમાં તમારો આજીવન સાથી
૧૨,૦૦૦+ દર્દીઓના જીવનમાં હોમિયોપેથી દ્વારા સકારાત્મક પરિવર્તન
લાંબી અને જટિલ માંદગીમાંથી મુક્તિ માનસિક સ્વાસ્થ્ય, ન્યુરોલોજીકલ અને ચેતાતંત્રના રોગો, ચામડી અને સૌંદર્યલક્ષી રોગો, શ્વસનતંત્રના રોગો, સ્ત્રીરોગ, હોર્મોન્સ અને ડાયાબિટીસની સારવાર કિડની અને મૂત્રમાર્ગના રોગો, પેટ અને પાચનના રોગો, સાંધાના રોગો





SANSKAR HOMEO CARE
ડો. જીતેન્દ્ર પટેલ (BHMS)
સંસ્કાર હોમિયો કેર
લાઈફલાઈન કોર્નર સામે, માણેકપરા અમરેલી
MO.9998362335

શું તમને સાંભળવાની તકલીફ છે ?
ફ્રી બહેરાશની તપાસ સલાહ, માર્ગદર્શન તા. ૨૪-૪-૨૬ થી ૩૦-૪-૨૬ સુધી
• નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
• જર્મની, ડેન્માર્ક ના આધુનિક મશીન વ્યાજબી કિંમતમાં
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાયમી સરનામું
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


### માતા ઉપર શંકા કરનાર પિતાને માર પડયો

## અમરેલીમાં બે પુત્રોએ આધેડ પિતા ઉપર લાકડી વડે કર્યો હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૫

અમરેલીમાં રહેતાં એક ૫૫ વર્ષીય આધેડે પોતાની પત્નિ ઉપર શંકા કરી અને ઠપકો આપતાં આ બનવાથી ઉશ્કેરાયેલા બે પુત્રોએ પોતાનાં જ પિતાને લોખંડનો સળીયો તથા લાકડી વડે માર મારી ગંભીર ઈજા કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

અમરેલીમાં કુંકાવાવ જકાતનાકા પાસે આવેલ સુળીયા ટીંબા વિસ્તારમાં રહેતાં વિભુભાઈ હરજીભાઈ પરમાર નામનાં ૫૫ વર્ષીય આધેડને તેમની પત્ની ઉપર શંકા હતી કે તેણી આધેડ નાનાભાઈ મગનભાઈ સાથે આડા સબંધ હોય, જેથી પોતાના પુત્રોની હાજરીમાં આધેડ તેમની પત્નીને તે બાબતે ઠપકો આપતા હતા. તે દરમ્યાન આધેડાના બંને દિકરા આરોપી ગોપાલભાઈ વિભુભાઈ પરમાર તથા રાજુભાઈ વિભુભાઈ પરમાર નામનાં બે પુત્રોએ ઉશ્કેરાઈ જઈ પોતાના પિતાને લોખંડનો સળીયો તથા લાકડી લઈ ડાબા ગોઠણની નીચે તથા જમણી સાઈડ નેણની ઉપર કપાળ ના ભાગે તથા માથાના ભાગે મારી ગંભીર ઈજાઓ કરતાં આધેડને સારવાર માટે દવાખાને ખસેડાયા હતા. આ બનાવમાં આધેડ પિતાએ પોતાના જ બે પુત્રો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### કર્મચારીઓ મતદાન મથક પર રવાનાં

## લીલીયા તાલુકા પંચાયતની ૧૬ બેઠક અને જિલ્લા પંચાયતની ૨ બેઠકની ચૂંટણીનું કાઉન્ટ ડાઉન શરૂ

### સ્ટ્રોંગ રૂમનું સીલ ખોલી ઈવીએમ અને સાહિત્ય સોંપાયું



લીલીયા, તા. ૨૫

આજેતારીખ૨૫/૪/૨૦૨૬ સવારનાં આઠ કલાકે આઈ.ટી.આઈ. ખાતે મામલતદાર એચ.બી.વાડા ટીડીઓ વિક્રમસિંહ ગોહિલ, સમાજ કલ્યાણ અધિકારી પ્રતીક સાવલીયા સહિત રાજકીય અગ્રણીઓની ઉપસ્થિતિમાં સ્ટ્રોંગ રૂમનું સીલ ખોલવામાંઆવેલ.

આ તકે ચૂંટણી ફરજમાં રોકાયેલ કર્મચારીઓને ઈ.વી.એમ. સહિત ચૂંટણી સાહિત્ય સોંપવામાં આવેલ. આ કામગીરીમાં શિક્ષણ, આરોગ્ય, પીજીવીસીએલ, પોસ્ટ, પોલીસ સહિત વિવિધ વિભાગનાં કર્મચારીઓ ચૂંટણી ફરજ પર જવા રવાના થયેલ હતા. સમગ્ર આયોજન સફળ બનાવવા સ્થાનિક મામલતદાર કચેરી, તાલુકા પંચાયત કચેરીસહિતનો સ્ટાફ કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

### જિલ્લા ચૂંટણી અધિકારીની નાગરિકોને અપીલ

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીનાં પર્વમાં મતાધિકારનો ઉપયોગ કરવો જોઈએ

### આજે સવારનાં ૭ થી સાંજનાં ૬ સુધી મતદાન

અમરેલી, તા. ૨૫

રાજય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંતર્ગત અમરેલી જિલ્લાની જિલ્લા પંચાયત, તમામ ૧૧ તાલુકા પંચાયત તથા અમરેલી, સાવરકુંડલા, બગસરા, ધારી, બાબરા અને દામનગર નગરપાલિકા એમ કુલ ૬ નગરપાલિકાઓની ચૂંટણી માટે ૨૬ એપ્રિલ, ૨૦૨૬ (રવિવાર)ના રોજ સવારે ૭ કલાકથી સાંજે ૬ કલાક દરમિયાન મતદાન યોજાનાર છે.

આ મતદાન પ્રક્રિયામાં વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમરેલી દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તમામ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સુચારૂ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે તથા વ્યાપકપણે ઈ.વી.એમ નિદર્શન દ્વારા લોકજાગૃતિના પ્રયત્નો કરવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યું કે, લોકશાહીનાં પાયાસમાન સ્થાનિક સ્વરાજની ચૂંટણીનાં આ પર્વમાં પોતાના મતાધિકારનો અવશ્યપણે ઉપયોગ કરવા માટે અમરેલી જિલ્લાના દરેક મતદારોને અપીલ કરૂં છું.

### કોળી શકિત યુવક મંડળ દ્વારા

## અમરેલી ખાતે લગ્નોત્સુક માટે વેવિશાળ પરિચય મેળો યોજાશે

### આગામી ૧૦ મેનાં રોજ આયોજન

અમરેલી, તા. ૨૫

અમરેલીખાતેસૌરાષ્ટ્ર અને ગુજરાતમાંરહેતાસમસ્તકોળીસમાજનાં લગ્નોત્સુકયુવક/યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ તા. ૧૦/૫/૨૦૨૬ રવિવાર બપોરનાં ૧ કલાકે બાળહનુમાન મંદિર, કૈલાસ મુકિતધામ સામે, કેરીયા રોડ બાયપાસ, અમરેલી હીરાભાઈ સોલંકી ધારાસભ્ય રાજુલા–જાફરાબાદ તેમજ ભુપતભાઈ એમ. ડાભી ગોંડલ પ્રમુખ:ભવનાથ તળેટી, જુનાગઢ હાજરી આપશે.

આ સમારંભમાં ભાગ લેવા માગતા ઉચ્ચશિક્ષણ કે નોકરીયાત ધંધાથી યુવક ફોર્મ ભરી શકશે. તેમજ યુવતીઓ ઉચ્ચ શિક્ષણ તેમજ અભ્યાસ ધ્યાને લેવામાં આવશે. નહીં. અમારી સંસ્થા ધ્વારા અગાઉ યોજાયેલ સમારંભમાં ભાગ લીધેલ ૧૦૭૯ યુવક/યુવતી ઉમેદવારો વિનામૂલ્યે ભાગ લઈ શકશે. તેમજ નવા ફોર્મ તા. ૫/૫/૨૦૨૬ સુધી ભરીશકાશે.

વધુમાહિતીતથાસંપર્કટ્રસ્ટ પ્રમુખ રમેશભાઈ ગોહિલ અમરેલી મો. ૯૩૭૪૭ ૩૪૮૨૦ તથા પરશોતમભાઈ એન. મકવાણા મો. ૯૪૨૮૭ ૯૮૬૪૭, કલ્પેશભાઈ એમ. બાવળીયા (રાજકોટ) મો. ૭૯૮૪૫ ૯૪૪૨૪ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# અમરેલીનાં વેપારીઓનો સંપર્ક કરતાં ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયા, સાંસદ સુતરીયા, ભાજપ પ્રમુખ અતુલ કાનાણી અને ભાજપ અગ્રણી પી.પી. સોજીત્રા



અમરેલી પાલિકાનાં ૧૧ વોર્ડની ૪૪ બેઠક માટેનું મતદાન આવતીકાલ રવિવારે સવારનાં ૭ થી સાંજના ૬ સુધી થવાનું હોય શહેરનાં વેપારીઓનો રૂબરૂ સંપર્ક કરી વધુમાં વધુ મતદાન કરીને ભાજપનાં તમામ ઉમેદવારોને વિજયી બનાવવાનો અનુરોધ કરવા માટે રાજયનાં ઉર્જામંત્રી કૌશિક વેકરિયા, સાંસદ ભરત સુતરીયા, ભાજપ પ્રમુખ અતુલ કાનાણી, ભાજપ અગ્રણી પી.પી. સોજીત્રા અને ઉમેદવારો દુકાને દુકાને ફર્યા હતા.


સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

શ્રી ગણેશ
3D/4D સોનોગ્રાફી & એક્સરે ક્લિનિક
ડો. ભરત બી. પાડા MBBS, DMRE
Consultant Radiologist & Sonologist
બી.એમ. ચોક, માણેકપરા, મેઈન રોડ, લીલીયા રોડ, અમરેલી

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

શું તમે હરસ.મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોકટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
- હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
- જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
- રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
- ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
- નાસુર Pilo nidal sinus ની સારવાર
- ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
- પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
- મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર

7 વર્ષનો અનુભવ
20000+ દર્દીઓની તપાસ
3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોકટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

WALK IN INTERVIEW
જનરલ ઓફીસ એડમીનીસ્ટ્રેશન માટે સ્ટાફ જોઇએ છે
GENERAL WEB MANAGEMENT
MULTIMEDIA
(WHATS APP BUSINESS, TWEETER, INSTA, TELEGRAM, FACEBOOK, YOU-TUBE)
GEM PORTAL CORRESPONDENCE
E-MAIL CORRESPONDENCE
GENERAL ACCOUNTING (TALLY – MIRACLE)
IT RETURNS (I-TEX)
PAN CARD APPLICATION
E-STAMP PORTAL
CSC PORTAL
IRCTC RAILWAY TICKET PORTAL
MUTUAL FUND MANAGEMENT
INSURANCE PORTAL
B.Com., Microsoft Office, Tally, English Language, EPFO No., UAN No.
SALARY : Rs. 40 / Hour (Starting) + EPF
TIME : MONDAY to SATURDAY 8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM
E-mail : info@mahajantelnet.com
Web : www.mahajantelnet.com
MAHAJAN TELNET LLP.
95 86 86 86 45












# અહેસાન મેરે દિલ પે તુમ્હારા હૈ... દોસ્તો... યે દિલ તુમ્હારે પ્યાર કા...... આયા હૈ..... મુજે.... ફીર યાદ.... વો જાલિમ.... ગુજરા જમાના.... બચપન કા..... દુનિયા મે એસા કહા સબ કા નસીબ હૈ..... કોઈ કોઈ.... અપને પિયા કે કરીબ

## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ .. ૨૮૦, – ૧૯૬૫**

**પ્રિય વાચક મિત્રો,**

આગામી સપ્તાહમાં ભગવાન શ્રી બુધ્ધની જન્મ જયંતિ છે. અને આજે ભગવાન બુધ્ધના સંદેશ સાથેની ફિલ્મ આમ્રપાલીની વાત પણ કરીશું તમામ વાચક મિત્રોને ભૂધ્ધ પુર્ણિમાની હાર્દિક શુભ કામનાઓ...અમરેલી એકસપ્રેસના વાંકીય ગામના વાચક શ્રી નાગજીભાઈએ અમરેલી એકસપ્રેસ દૈનિક અને ફિલ્મી સફર બાબતમાં ટેલિફોનિક શુભેચ્છા આપેલ છે. તેમના આભારી છુ. આજે સુનિલ દત અને ધર્મેન્દ્રની ફિલ્મો ની વાત કરીશું. સુનિલ દતની ૧૯૬૬માં ત્રણ ફિલ્મો આવી જેમાં ૧ સેમી હિટ અને એક સુપર હિટ રહી જેની વાત ટોપ ટેનમાં કરીશું. ધર્મેન્દ્ર સૌથી સફળ કલાકાર ૧૯૬૬માં રહ્યા તેમની આઠ ફિલ્મો આવી, જેમા બે સુપર હિટ અને ત્રણ સેમી હિટ રહી. સુનિલ દતની ૧૯૬૬ની ફિલ્મ જેમાં ૧૯૨૮ના ભારતની કથા છે, ૧૯૨૮માં ભારત અંગ્રેજોની ગુલામીમાં હતું, ગાંધી વિચારધારા અને ક્રાંતિકારી વિચારધારાના સ્વતંત્ર સેનાની આ ભારતને આઝાદ કરાવવા કાર્ય રત હતા. ૧૯૨૮ના સમયમાં પણ ભ્રસ્ટા ચાર હતો, લાંચ અધિકારીઓએ દ્વારા લેવાતી હતી. તે સમયની પોલીસ નિર્દોષ વ્યક્તિને ના કરેલ ગુનામાં જોડી પોતાનું ધાર્યુ કરાવતી હતી. ૧૯૨૮ના સમયમાં કોઈ યુવાન પાન ના ગલ્લે જોવા મળે કે, પાન કે સિગારેટ પીતો જોવા મળે તેને અસંસ્કારી અને બગડેલ યુવાનનું બિરૂદ મળતું હતું. આજે પરીવર્તન એ છે કે, યુવતીઓ પણ જાહેરમાં સ્મોકીંગ કરતી જોવા મળે છે. તે સમયે જમવાની થાળી પાટલા પર રાખી અન્નને સન્માન આપવામાં આવતું હતું. આજે જાહેર મેળાવડા અને લગ્નમાં અન્નનો બગાડ થઈ રહ્યો છે. તે સમયની ફિલ્મોમાં ફિલ્મની કથા અને કલાકારોના અભિનયની સાથે




ગીત અને સંગીત અદ્વિતીય હતા. ગબન–ઋષિકેશ મુખર્જી અને કૃષ્ણ ચોપરાના નિર્દેશન અને એચ.આઈ. પ્રોડકશનમાં મુનસી પ્રેમચંદની કહાની પરથી આ ફિલ્મ બની. ફિલ્મનું સંગીત શંકર જયકિશનનું અને ગીત શૈલેન્દ્ર અને હસરતના રહ્યા, ફિલ્મમાં સુનિલ દત, સાધના, મીનું મુમતાઝ, બદ્રિ પ્રસાદ, લીલા મિશ્રા, આગા, સી.એસ.દૂબેય, કમલ કપૂર, અનવર હુસેન અને કન્હૈયા લાલે અભિનય આપ્યો હતો. આ ફિલ્મ સફળ નારહી. કહાની મુનસી પ્રેમચંદની કહાની ગબન પર આધારિત છે. સુનિલ એક આવારા યુવાન છે, તેના મિત્રો ગાંધીવાદી વિચારધારા સાથે આઝાદીની લડતમાં જોડાયેલા છે. સુનિલના લગ્ન સાધના સાથે થાય છે, સુનિલ કોઈ કામ કરતો નથી. ( તે સમયે માત્ર માતા પિતાના નામ પર લગ્ન થતાં). સુનિલને તેનો મિત્ર આગા એક કલાર્કની નોકરી અપાવે છે. સુનિલના લગ્નમાં તેના પિતા વધુ ખર્ચ દેવું કરી કરે છે, તે રકમ ચૂકવવા માટે સુનિલ પરેશાન છે, એક દિવસ તેની ઓફિસના ૭૦૦ રૂપિયા (આજે તે સાત લાખ થાય) તેવી રકમ ઘરે લાવે છે, તેની પત્ની સાધના તે રકમ તેની પાસે માંગતી તેની સહેલીને આપી દે છે. સુનિલ ગમે તેમ કરી ૫૦૦ રૂપિયાની વ્યવસ્થા કરે છે, પણ આગા તેને ૨૦૦ રૂપિયા બે કલાકમાં આપવા કહે છે. સુનિલથી રકમની વ્યવસ્થાના થતાં પોલીસ કેશના ડર થી તેના ગામ અલહાબાદથી ભાગી કલકતા જાય છે. રસ્તામાં કન્હૈયા લાલ તેને ઘર લઈ જાય છે, કન્હૈયા લાલના સગા પુત્રો તેને સહકાર આપતા નથી તો સુનિલમાં પુત્રનું સ્વરૂપ જુવે છે. એક દિવસ સુનિલ પોલીસના ડરથી ભાગે છે, અને કલકતાની પોલીસ ત્રીસ સ્વતંત્ર સેનાની સાથે સુનિલને પકડી લે છે. કલકતાના મેયર પર ક્રાંતિ કારીઓએ બોમ્બ ફેકયો હતો, પણ તેઓ ભાગી જતાં પોલીસ નિર્દોષ ગાંધી વિચાર ધારા ધરાવતા યુવાનોને પકડી પૂરી દે છે. સુનિલને તેણે કરેલ ૨૦૦ રૂપિયાના ગબનના ડર બતાવી આ ત્રીસ યુવાનોએ જ બોમ્બ ફેકયો છે તેવી સાક્ષી આપવા મજબૂર કરે છે. જેમાં સુનિલના મિત્રો પણ સામેલ છે, કોર્ટ તમામને આજીવન કેદ અને તેના મિત્રને ફાસીની સજા આપે છે, તે સમયે સાધના ત્યાં પહોચી સુનિલને જાણ કરે છે કે તેના પર કોઈ પોલીસ કેશ નથી. હવે સુનિલ પોલીસ સાથે લડી કોર્ટમાં જાહેર કરે છે કે તેણે ખોટી સાક્ષી આપેલ છે. અને તમામ યુવાનો નિર્દોષ જાહેર થાય છે. ફિલ્મમાં સુનિલ દત અને સાધનાના અભિનયની પ્રસંસા થઈ હતી. રફી સાહેબના સ્વરનું ગીત, અહેસાન મેરે દિલ પે તુમ્હારા હે.. આજે પણ દોસ્તી ગીતમાં પ્રથમ સ્થાન ધરાવે છે. ફિલ્મ બ્લેક એન્ડ વ્હાઈટ હતી.આમ્રપાલી – બે વ્યક્તિ વચ્ચેનો હૃદય પૂર્ણ પ્રેમ કરતાં પણ દેશ પ્રેમએ વધુ મહતા ધરાવે છે, દરેક દેશના જવાનો તેના પરિવારને છોડી દેશની રક્ષા માટે જીવ પણ આપી દેતા અચકાતાં નથી. અહી એક નર્તકીની દેશ ભક્તિની કહાની છે. લેખ ટંડનના નિર્દેશન માં, (૧૯૬૨ માં પ્રોફેસરની જબરી સફળતા બાદ લેખની આ ફિલ્મ છે). અને એફ.સી.મેહરાના નિર્માણમાં, શંકર જયકિશનના મધુર સંગીત અને શૈલેન્દ્ર અને હસરત ના ગીતો સાથે લતાજીના કોમલ સ્વરમાં રચાયેલ કૃતિઓ આજેપણ લોકપ્રિય ગીતોની યાદીમાં છે. ફિલ્મમાં સુનિલ દત, વૈજયંતી માલા, નરેન્દ્ર નાથ, કે એન સિંગ, જાગીરદાર, બિપિન ગુપ્તા, મૃદુલા રાની, સુલોચના, રણધીર અને પ્રેમ નાથે અભિનય આપ્યો છે. ફિલ્મ વર્ષની ૧૨ નંબરની સફળ ફિલ્મ રહી. કહાની એવી છે કે મગધના ચક્રવર્તી રાજા અજાત શત્રુએ બિહારની વૈશાલી પર આક્રમણ કર્યુ, પણ તેના સૈનિકો સતત યુદ્ધથી થાકેલા હતા, તેઓ યુદ્ધ હારી ગયા, અજાત શત્રુ પોતાનો જીવ બચાવવા વૈશાલીની નર્તકી આમ્રપાલીના ઘરે પહોચી જાય છે, અને પોતાને વૈશાલીનો સૈનિક જાહેર કરે છે. આમ્રપાલી અજાત શત્રુને સારવાર આપે છે, સાથે સતત મુલાકાત તેનું હૃદય પણ આપે છે.આમ્રપાલી એ વૈશાલીની નગર વધુ છે (તે સમયે નગર વધુ એટલે એવી નર્તકી કે જેને રાજયના રાજાથી લઈ સેનાપતિ અને શેઠ ગમે ત્યારે ઉપભોગ કરી શકતા હતા). આ નર્તકી એક સૈનિક ને દિલ આપી દે છે, પણ તેને ખબર પડે છે કે તે સૈનિક નથી પણ વૈશાલીનો શત્રુ અજાત શત્રુ છે. વૈશાલીના રાજા




આમ્રપાલીને કેદ કરે છે અને મૃત્યુ દંડ આપે છે. પણ અજાતશત્રુ ફરી વૈશાલી પર આક્રમણ કરી જીત મેળવે છે. તે આમ્રપાલીને મુક્ત કરે છે, પણ આમ્રપાલી તેને યુદ્ધ મેદાનમાં લઈ જાય છે, અને ત્યાં થયેલ હિંસા બતાવે છે. તે હવે માત્રને માત્ર અહિંસાના રસ્તે ચાલવા માંગે છે, તે ભગવાન બુદ્ધના શરણે જાય છે, સાથે અજાત શત્રુ પણ રાજ છોડી ભગવાન બુધ્ધના શરણે જાય છે. ફિલ્મમાં અજાત શત્રુના પાત્રમાં સુનિલ દત અને આમ્રપાલીના પાત્રમાં વૈજયંતી ફિલ્મમાં છવાઈ જાય છે. વૈજયંતીના નૃત્ય ફિલ્મમાં આમ્રપાલીને જીવંત કરે છે. તો લતાજીના સ્વરના ગીતો, તડપ યે દિન રાત કી... જાઓ રે જોગી.. અને તુમ્હે યાદ કરતે કરતે.. આજેપણ લતાજીના યાદગાર ગીતોની યાદીમાં છે. આ ફિલ્મમાં બુદ્ધનું પાત્ર નરેન્દ્ર નાથે કર્યુ છે. નરેન્દ્રએ પ્રેમનાથ અને રાજેન્દ્રનાથના નાના ભાઈ છે. જેનો જન્મ ૧૯૩૫માં થયો હતો. તેઓ હિન્દી સિનેમામાં ૧૯૯૮ સુધી સક્રિય રહ્યા અને ૧૯૯૮માં અમર થયા. આ રંગીન ફિલ્મ વર્ષ ની ૧૨ નંબરની એવેરેજ સફળ ફિલ્મ રહી.દેવર – બચપણનો પ્રેમ જીવનભર યાદ રહે છે, પણ બચપણનો પ્રેમ યુવાનીમાં અલગ સંબંધ માં જોવા મળે તો ? અહી નાયક અને નાયિકા દેવર અને ભાભીના સંબંધમાં જોવા મળે છે, જે બચપણના પ્રેમીઓ છે. યુવાન થયા બાદ તે બન્નેને બચપણના પ્રેમની યાદો જીવંત છે,પણ તેઓ એકબીજાને ઓળખી શકતા નથી અને ઓળખે છે તો તેઓ સામાજિક બંધન અને ભારતીય સંસ્કૃતિને અનુસરે છે. આવી કહાની લઈ મોહન સાયગલના નિર્માણ અને નિર્દેશનમાં દેવર ફિલ્મ આવી. આનદ બક્ષીના ગીતો અને રોસનના સંગીતમાં લતાજી અને મુકેશજીના યાદગાર ગીતો સાથે ધર્મેન્દ્ર, શર્મિલા ટાગોર, દેવેન વર્મા, શશિકલા, સપરૂં, રાજ મેહરા, દુર્ગા ખોટે, મુમતાઝ બેગમ, ધુમાલથી અભિનીત આ ફિલ્મ વર્ષની ૧૭ નંબરની એવેરેજ સફળ ફિલ્મ રહી. કહાની એવી છે કે બચપણમાં ધરમ અને શર્મિલા એકબીજાને પસંદ કરે છે, અને યુવાન થયા બાદ લગ્નના વચન આપે છે. પણ બન્ને અલગ પડી જાય છે. યુવા થતાં ધરમના પિતા સપરૂં તેના અને તેના ભાણેજ દેવેન માટે યુવતીઓ પસંદ કરે છે. પણ ઠાકુર ખાનદાનની પ્રણાલી મુજબ યુવક અને યુવતીનું લગ્ન પેહલા મિલન શકય નથી. તો નવા જમાના મુજબ દેવેનની યુવતીને ધરમ અને ધરમની યુવતી ને દેવેન જોવા જાય છે. ધરમ શશિકલાને જોઈ દેવેન માટે પસંદ કરે છે. દેવેન શર્મિલાને જોઈ તેની સાથે લગ્ન કરવા, શર્મિલા અને શશિકલાના પિતાને ચિઠી મોકલે છે કે બન્ને યુવકો બરાબર નથી. ધરમ અનેશર્મિલાના લગ્ન થતાં અટકી જાય છે, પણ ધરમના લગ્ન શશિકલા સાથે અને દેવેનના લગ્ન શર્મિલા સાથે થાય છે. શશિકલાને ધરમ સાથે બનતું નથી તે ઘર છોડી જતી રહે છે. શર્મિલા ઘરના લોકોનો સ્નેહ જીતી લે છે. સાથે ધરમને એક દિવસ ખબર પડે છે કે શર્મિલા તેની બચપણની સાથી છે, પણ હવે તે તેની ભાભી છે તો ભારતીય સંસ્કૃતિના નિયમોને તે અનુસરે છે. દેવેને ચિઠી લખી ધરમ અને શર્મિલાને અલગ કર્યા છે તે જાણ ધરમને થાય છે, અને બોલાચાલીમાં ધરમના હાથે દેવેનની હત્યા થઈ જાય છે. દેવેનની આ ભૂલની શર્મિલા ને પણ ખબર પડે છે. તે દેવેનના પ્રાયશ્વિત માટે અને કુટુંબની આબરૂ માટે ધરમને નિર્દોષ સાબિત કરી, શશિકલા સાથેના મતભેદ દૂર કરી ગંગા કિનારે બાકીનું જીવન પસાર કરવા જતી રહે છે. ફિલ્મમાં મુકેશના યાદગાર ગીતો, આયા હે મુજે ફીર યાદ વો... અને બહારોને મેરા ચમન લૂટકર, આજે પણ મુકેશજીના દર્દીલા ગીતોની યાદીમાં છે, લતાજીના સ્વરમાં દુનિયા મે એસા કહા.. પણ યાદગાર ગીત છે. આગામી અંકમાં ધર્મેન્દ્રની હિટ સંગીત મય ફિલ્મો સાથે મળીશું.

# ''સ્વર્ગનો દરવાજો આપણી પાસે''

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય




ડો. ધીરજકુમાર વ્યાસ

મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)

બગસરા


યોગચની માળા હાય બનાવીને હું હરિએ મજીવા ચાલી. !

બેલા – નિકુજ મુંબઈ ઘરે આવ્યા ત્યારે તેમના મમ્મી પપ્પા બેલા પાસે આવ્યા. પિતા વેદાંતી અને ગીતા જ્ઞાનના જાણકાર હતા. બેલાએ પિતાની સાથે ઘણી ચર્ચા કરી પૂછયું અને પૂછયું. જે રીતે માણઓ પોતાનાં જૂના વસ્ત્રો છોડીને નવાં કપડા ધારણ કરે છે તે રીતે આત્મા વૃધ્ધ તથા નકામાં – જીર્ણ દેશને છોડી નવા શરીર ધારણ કરે છે. ગીતા અધ્યાય ૨–૨૨માં શ્લોકમાં છે. તો પછી અમારી સાથે આમ કેમ થયું ? તમે કથા વાર્તામાં સૌને સમજાવો છે તો પછી મને સમજાવો કે સોનલ મમ્મી ઉંમર ૬૯ થયા હતા. પ્રાચીન આર્યુવેદ ગ્રંથોમાં ઉંમર ૧૦૦ થી ૧૨૦ કહી છે તો દેહ હજી જીર્ણ થયો નથી. સપનાઓ પૂરા થયા નથી. તો મૃત્યુનું કારણ શું ? પપ્પા જ્ઞાની હતા સમજુ હતા પરંતુ તેમની પાસે આશ્વાસન આપવા કોઈ ઉદહારણ ન હતું. પરંતુ ગીતા અ.ર. ૧૩નો શ્લોકનો અર્થ કહ્યો ' જેવી રીતે દેહધારી આત્મા આ શરીરને બાળકમાંથી કુમાર અવસ્થા યુવાવસ્થા અને પછી વૃધ્ધવસ્થા અને પછી વૃધ્ધાવસ્થા એમ શરીરનું નિરંતર પરિવર્તન થાય છે.' શરીરનો રંગ, રૂપ, ચહેરો બદલાય છે તમને યુવાનીમાં મળેલ મિત્ર પચાસ વરસ પછી મળે તો તેને તમે ખૂદ ઓળખી શકો નહિ. એવો ચહેરો, શરીર પરિવર્તન થયેલ હોય છે પરંતુ, મન, આત્મા, બુધ્ધિ તેનું તે – જ હોવાથી તમે તેમને ઓળખી જાઓ છો ક્ષણે ક્ષણે શરીર બદલાતું રહે છે. આત્મા એનો એ જ રહે છે. આ રીતે વ્યકિતગત આત્મા મૃત્યુ વખતે શરીર બદલે છે બી જા જન્મમાં ભૌતિક કે અન્ય એવું શરીર મળવાનું હોવાથી કૃષ્ણે અર્જુનને કહ્યું કે ભીષ્મ કે દ્રોણ માટે કે સગાઓ માટે શોક ન કરવો. જુનો દેહ બદલી નવો દેહ મળશે શરીરના આવાં પરિવર્તનો મનુષ્યને પોતાનાં ક્રમાનુસાર પ્રાપ્ત થાય છે. '' જીવનનાં શ્રેષ્ઠ સુખો મળવાના છે. તેથી બન્ને પરિસ્થિતિમાં શોક નહિ કરવાનું કહે છે જે ધીર પુરૂષ આત્મજ્ઞાની પુરૂષ મનુષ્યનાં પરિવર્તનથી શોક કરતો નથી. પરમાત્મા પ્રત્યેકના શરીરમાં વિદ્યામાન છે તબીબી વિજ્ઞાન પણ કહે છે શરીરનાં કોષો નષ્ટ થાય છે બીજા કોષો બનતા રહે છે શરીર નીત્ય પરિવર્તન શીલ છે. આત્મા એક સનાતન છે. આત્મા અને પરમાત્મા વચ્ચેનો તફાવત અંશ અને પુર્ણ વચ્ચેનો તફાવત જેવો છે. બાધા જીવો પરમેશ્વરને આધીન છે. પપ્પાની આ ગૂઢ વાતો સમજવાર હતી. તેમને તો પ્રશ્ન એ હતો કે જેની સાથે જીવન જીવીને સુખ આપવું હતું. રાજી રાખવાની વાતો, વર્તન કરી પુર્ણ જીવનનો આનંદ આવવાનો હતો તે હવે કયાં છે ? આ બધું જ્ઞાન મારા જેવી સંસારમાં પડેલી વ્યકિતને સમજાતું નથી. સ્વીકારતું નથી. પપ્પાને એટલું જ કહી શકી 'રામબાણ વાગ્યા હોય એ જાણે.' તત્વનું ટૂંપણું તુચ્છ લાગે. ન મહેતાએ પણ કહ્યું છે. પ્રેમરસ પાને મોરા પિચ્છ ઘર, તત્વનું ટુપણું તુચ્છ લાગે પપ્પાએ ગીતા અને શ્રીમદ ભાગવતના બે પુસ્તકો લાવેલા તે આપીને કહ્યું દરરોજ આમાંથી કશુંક વાંચન કરજે સર્વશ્રેષ્ઠ ઈશ્વરનાં શરણાગતિ સિવાય બીજો કોઈ ઉપાય નથી તમારા ભણેલા સાથે હું દલીબાજી નહી માટે કશું જ નથી સત્સંગ, જાત્રા, ચિંતન એક માત્ર ઉપાય છે આવતીકાલથી જ નોકરીમાં ચિતને પરોવી દે ભવિષ્યમાં બધુ ખુબ સારૂ થશે એ વિચાર મનમાં રાખ, વર્તમાનમાં દુઃખી ન થાઓ. તારા વર્તન વિચાર દ્વારા તારા સાસુને પ્રેમથી વારંવાર ભેટી મુકત કર્યા છે તેમને અદ્ભુત શાંતિ થઈ તેથી તે દિવ્યમાર્ગે વિદાય થયા છે તેમનો શોક હવે છોડી દે. તારી તબિયત બગડશે. હિન્દીના લેખક નિર્મલ વર્માએ લખ્યું છે. આપણે યુવાન હોઈએ ત્યારે સમયથી વિરૂધ્ધ દિશામાં દોડીએ છીએ પરંતુ જેમ જેમ ઉંમર વધતી જાય છે ત્યારે આપણે થંભી જઈએ છીએ. સમય થંભી જાય છે. માત્ર મૃત્યુ ધસમસતું આવે છે આપણી તરફ મૃત્યુ વિશે સભાન થવાની કોઈ ઉંમર હોતી નથી ટાગોરે મૃત્યુનાં સન્માન ઘણા કાવ્યો લખ્યા છે બેલાને ચતે ઉંઘ આવતી ન હોવાથી અગાસીમાં આકાશ દર્શન માટે ગઈ. અદ્ભુત ઝગમગતા સેંકડો તારો. વાહ પ્રભુ તારૂં વિશ્વ અને સર્જેલ બધુ અદ્ભુત છે. નમસ્કાર. એક વિચારનો સંકેત મળ્યો કે સાર્થક જીવન જીવવા દર રવિવારે બે કલાક પ્રભુ ચરણે આપવા વૃધ્ધોની સેવા કરવી, મદદ કરવી. રાતે ભરચક ભરચક મારૂ મલકતું આકાશ. દિવસે જોતું તો આકાશ ખાલીખમ મારૂ મન પળ માં ખાલી, પળમાં ભરચક ઓ ઈશ્વર હવે બસ તારો એક જ વિચાર...! મારા સૌ સાથીઓ મને યાદ કરતા નહિ વર્તમાન અગત્યનો છે. તેમાં એકલા તરતા તરતા રહેવું છે. બસ એક જ રટપ હો. સ્નેહની સરવાણીમાં સૌ સાથ ગૂંથવી છે ફુલા માળ ! મારૂં (અપૂર્ણ)

# 'સમજણ એ જ નારાયણ'

## ''અડધું સુખ પણ સારૂ છે, તેનાથી તું આખો થા.''

– મનોહર મોદી




યોગેશ ભટ્ટ

(બી.એ.એલ.એલ.બી)

મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી


અડધો ભરેલો ગ્લાસ અડધો ખાલી છે કે અડધો ભરેલો છે ? એ શું માનવું એ માણસનાં પોતાના સ્વભાવ, વિચારશરણી, માન્યતાઓ, ગ્રંથિઓ અને એન્ગલ ઉપર આધારિત હોય છે ! જો તમે ગ્લસાને અડધો તો ભરેલો જ છે એમ માનશો તો મનમાં એક સંતોષ રહેશે પણ એ જ સ્થિતિમાં જો એ ગ્લાસને હજુ તો અડધો ખાલી જ છે, એમ માનશો તો એક અસંતોષ, દ્વિધા અને ગ્લાસની સાથે એટલુંજ ખાલીપણુ અનુભવાશે. સમાજમાં અનેક માણસો પોતાનો જીવનનિર્વાહ પોતાની મર્યાદિત આવક, સાધનો, સગવડો અને વ્યવહારોથી ચલાવતાં જ હોય છે, અને એ પણ આનંદથી, હરખથી, સંતોષથી અને શાંતિથી આવા સંતોષી માણસોને ભવિષ્યની બહુ લાંબી અને વધારે ચિંતા સતાવતી નથી હોતી ! તેમને ઈશ્વરે જે આપ્યું છે, તેનાંથી એક વિશેષ રાજીપો રહેતો હોય છે, તમે કયારેક કરીયાણાની દુકાને ઊભા રહીને અવલોકન કરજો. કયારેક કોઈ મજુરી કરતો વર્ગનો માણસ ત્યાં ખરીદી કરવા આવશે, તો એ કોથળીમાં જોખાવીને થોડું તેલ, અનાજ કે ઘર માટેનો રસોઈનો અન્ય સામાન ખરીદાશે, વળી ઘણી વખત તો એ દુકાનદારની પાસે ઉધાર ખરીદીને તેની ડાયરીમાં નોંધ કરાવશે. તેમ છતાં છતાં તેના મોઢા ઉપર દુઃખની કે અગવડોની એક પણ રેખા નહીં દેખાય આટલાં આનંદથી તો ઘણી વખત સાધન–સંપન્ન વર્ગ મોલમાંથી પણ ખરીદી નથી કરતો હોતો ! તેની પાસે કોઈ ટ્રોલી નથી, કોઈ કેડ્રીટ કાર્ડ નથી, અરે ! થોડીક ખરીદી, (ટકે ટકની) કરવા છતાં તેના ચહેરા ઉપર જે નિરાંત છે એ જ તેની સૌથી મોટી મૂડી હોય છે ! આ વાતો જ સાબિત કરે છે સુખ મનની ઉપજ છે, જો તમે સાધનોમાં સગવડોમાં જ સુખ શોધો છો, તો તમે કયારેય સુખી નહીં થઈ શકો ! જે માણસ આજે અને અત્યારે જે છે એમાં સુખી નથી થઈ શકતો, કે રહી શકતો તે ભવિષ્યમાં ગમે તેટલું મળી ગયા પછી પણ સુખી રહી શકશે. તેની કોઈ ગેરેન્ટી નથી ! સમાજમાં જે કોઈ આગળ આવ્યા છે, તેઓએ અગવડોમાં જ આરાધના કરી છે. કાયમ યાદ રાખવું કે સ'સુખ શરીરને જ સ્પર્શે છે, જયારે દુઃખ આત્માને હદયને.'

**નવનીત**

**''ચિત ચોંટે તો બધુંયે આવડે, પ્રશ્ન છે સીધોને સટ તૈયાર થા.''**

**–મનહર મોદી**

# આળસ ત્યાગો–રાષ્ટ્રધર્મ નિભાવો : ૨૬મી એપ્રિલે 'પહેલા મતદાન' પછી જલપાન'ના સંકલ્પ સાથે લોકશાહીના પર્વને ઉજવો

૨૬ એપ્રિલના મતદાનના પવિત્ર અવસર નિમિત્તે કોઈ પણ રાજકીય પક્ષ કે વિચારધારાથી પર રહીને, માત્ર દેશહિત અને લોકશાહીની મજબૂતી માટે જનતા જોગ એક મર્મસ્પર્શી અપીલ કરવામાં આવી છે. આ નિખાલસ પ્રયાસનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રત્યેક મતદાર પોતાના મતાધિકારનું મૂલ્ય સમજે અને લોકશાહીના આ મહાકુંભમાં સક્રિય ભાગીદાર બને તે માટેનો છે.

'મતદાન કરવું એ કોઈ ઉપકાર નથી, પણ આપણા ઉજજવળ ભવિષ્ય માટેનું સર્વોત્તમ નૈતિક રોકાણ છે. ઘણીવાર આપણે વ્યવસ્થાઓ કે સુવિધાઓ પ્રત્યે અસંતોષ વ્યક્ત કરીએ છીએ, પરંતુ એ ઉદાસીનતાને દૂર કરવાની પ્રથમ સીડી મતદાન મથક સુધી પહોંચવાની છે. જે ક્ષણે આપણે મતદાન મથકની લાઈનમાં ઊભા રહીએ છીએ, તે જ ક્ષણે આપણે સાચા અર્થમાં દેશના નિર્માણમાં આપણો ફાળો નોંધાવી રહ્યા હોઈએ છીએ.

'લોકશાહીમાં નાગરિક સૌથી શક્તિશાળી છે અને એ સત્તાનો અહેસાસ તેની આંગળી પર લાગતા શાહીના નિશાનમાં છુપાયેલો છે. ઉનાળાની પ્રખર ગરમીના કારણે કદાચ આળસ આવે, પરંતુ રાષ્ટ્ર પ્રત્યેનું આપણું ઉત્તરદાયિત્વ એ શારીરિક સુખથી ઘણું ઉપર છે. બપોરના તાપથી બચવા વહેલી સવારના શીતળ સમયમાં જ પરિવાર સાથે મતાધિકારનો ઉપયોગ કરી લેવો જોઈએ. 'પહેલા મતદાન, પછી જલપાન' એ માત્ર સૂત્ર નહીં, પણ એક જાગૃત નાગરિકની ગૌરવશાળી જીવનશૈલી છે.ખાસ કરીને યુવા પેઢી માટે આ એક એવી ક્ષણ છે જયાં તેમનો પ્રથમ મત દેશના લોકતાંત્રિક માળખાને મજબૂત કરવાની સુવર્ણ તક છે. કોઈ પણ ભેદભાવ કે લોભ – લાલચ વગર, અંતરાત્માના અવાજને સાંભળીને મતદાન કરવું એ જ લોકશાહીની સાચી વંદના છે. મતદાન સમયે વોટર આઈડી અથવા સરકાર માન્ય અન્ય ઓળખપત્ર સાથે રાખીને, શાંતિપૂર્ણ રીતે આ રાષ્ટ્રીય કાર્યમાં સહભાગી થવું જરૂરી છે. દરેક નાગરિક વતી એક મક્કમ શપથ સાથે અપીલનો સમાપન કરતા જણાવ્યું છે કે, 'હું શપથ લઉં છું કે, ગમે તેટલો તાપ હોય કે ગમે તેટલું કામ હોય, પણ મારા રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્ય માટે હું અને મારો પરિવાર 'સૌ પ્રથમ મતદાન' કરીશું. મારી આંગળી પરની શાહીએ માત્ર નિશાન નહીં, પણ મારા જાગૃત નાગરિક હોવાનું ગૌરવશાળી પ્રમાણ બનશે. મારો મત, મારા રાષ્ટ્રનું સન્માન !





હાર્દિક ચંદારાણા

મો. ૭૨૧૧૧ ૫૫૫૭૩ ઈ-મેઈલ : hchanadarana@gmail.com




# ॥ રામ કીન્હ આપન જબહીતે, ભયો ભુવન ભુષણ તબહીતે ॥

પરિભ્રમણમાં નીકળી ગયા. આથી વિશેષ માહિતી મને નથી. બાકી તો ગલતાજીનો ઈતિહાસ આથી વિશેષ પણ છે. ત્યાં ગંગાજીની ધારા નિત્ય પ્રવાહિત છે. જેનાથી મોટો કુંડ ભરેલો છે. અનેક ભાવિકજનો જયાં સ્નાનપાન કરે છે આ ઉપરાંત ગાલવ–ૠષિનો પણ ઈતિહાસ છે અને તેમના નામ પરથી સ્થાનનું નામ ગલતાજી પડયું છે. તેઓએ એક સમયે ગંગાજીથી આહુતિ આપી યજ્ઞ કરેલે તેમ પણ સાંભળ્યું છે.

ગુરૂપૂર્ણિમા જયપુર કરી ત્યારે ભગવાને શ્રી પતિતપાવનજી ભગવાનની આરતી બનાવવાની શરૂ કરેલ પરંતુ પછી આગળ અધૂરી રહી છે.

જય જયપુરવાસી, પ્રભુ જય જયપુરવાસી, સત્ય અનંત અનાદિ, અખંડ અવિનાશી....જય જયપુરવાસી....

ભગવાને શ્રી પતિતપાવનજી ભગવાન માટે કહેલ કે રાજુલાના નાગર બ્રાહ્મણનું શરીર હતું. આજે જયપુરમાં અમુક મારવાડી લોકો જેઓ શ્રી પતિતપાવનજી ભગવાનને માને છે તેઓ દાયમાં બ્રાહ્મણ તરીકે એળખે છે. ભગવાને પ્રાગટ્ય દિન મહા સુદ છઠ બતાવી છે. ત્યાંના લોકો બીજી તિથિ માને છે. એ માટે કહ્યું, ''વહ તિથિ ગલત હૈ.'' ભગવાને કહેલું, આ સિવાય પોતે ગલતાજીમાં ચક્કી પીસવાનું પણ કામ કરેલ. ભગવાનના ગુરૂબહેન કાવેરી બહેન હતા. તેમને મજાકમાં પોતે કોઈવાર મારતા. એકવાર તેમણે શ્રી પતિતપાવનજીને ફરિયાદ કરી જેથી ભગવાનને નિયમ આપેલ કે બહેનેકો સ્પર્શ નહીં કરના.

(૬૯) રઘુનંદન તુમ્હરિ કૃપા

થોડા દિવસે બાદ પરવા નહતી. તેમનો પત્ર આવ્યો. આટલા લાંબા સમયથી ભગવાન ક્યાં બિરાજે તે

રામઘાટ કહં કિન્હ પ્રણામા, ભા મનમગન સિલે જનુ રામા ।

શ્રી રામચંદ્રાય નમઃ તા. ૨૮–૪–૬૬ પ્રિય રમા સાદર આસિસ

સ્વાસ્થ ઠીક નહીં હૈ પર કરના કૃયા કલ દ્વારિકા જાનેકા હું વહીંસે કચ્છ જાના હૈ.

તુમ દુઃખી ન હેના સ્વાસ્થકા પ્રયાન તે રખતા હું પર ઠીક નહીં હેતા સબકેં આસીસ કહના.





પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરુદેવ)

રણછોડદાસકા આસીસ

હંમેશા કોઈને કોઈ પ્રેગ્રામના કારણે દોડધામમાં પોતાના શરીર બાબત તો વિચાર કરતા જ નહીં. પ્રાણી માત્રને સુખ પહોંચાડવાની ભાવનાથી રાત દિવસ જેયા વિના સતત ગતિશીલ, ક્રિયાશીલ જીવન હતું.

સંપાદક : મહેન્દ્ર સી.જોષી
(નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્યઃ પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)



ભગવાન કહેતા, ''મેરે રકત છે એક એક બૂંદ અંત સમય તક કિસીકે કામ આવે. વહ માનવ હું કૃયા જે દુસરોં કે સુખ કા સાધન ન બને.'' ઘણીવાર તો જોઈ ન શકાય તેવી નરમ તબિયત થઈ જતી ત્યારે હંમેશા એક જ પ્રાર્થના કરતી કે ''ભગવાન અમારી ખુશી માટે પણ આપ થોડું નિયમિત જીવન રાખી આરામ કરો તો સારૂં. વિશાળ શિષ્ય સમુદાયમાં કોઈને કોઈ કાર્યક્રમ તે ચાલ્યા જ કરે. આપ શરીરનો થોડો તો વિચાર કરો.'' આ રીતે ભલે સેવા વિધિ ન જાણતી કે ન સાથે રહી કાંઈ કરી શકતી છતાં લાખોના પાલનહારને માટે ચિંતા તો રહેતી જ તેમાં એ ઘણીવાર લાંબા સમય સુધી કાંઈ ખબર ન મળે ત્યારે અનેક કલ્પનાઓથી મન વધારે વ્યથિત બની જતું. જયપુર એક બાજુ પડી જતું હોવાથી ભગવાન ખબર આપે તે જ મળતાં. બાકી કોઈનો સંપર્ક બહુ જ ઓછો હતો. પંદર દિવસ બાદ ભગવાનનો વિરપુરથી પત્ર આવ્યો. શ્રી રામચંદ્રાય નમઃ વીરપુર તા. ૧૩–૫–૬૬ પ્રિય રમા સાદર

પત્ર લિખનેકી ઈચ્છા બની રહેતી હે પર શરીર સ્વસ્થ ન હોનેસે દેરી હો હી જાતી હૈ. મૈં કચ્છ આઠ દિન રહ આયા. આરામ કા પૂરા ધ્યાન રખા થા ઉન

રામ જનમિ જગ કીન્હ ઉજાગર, રૂપશીલસુખ સબ ગુણસાગર ।

સબને. વીરપુર ૧૫ દિવસ રહનેકા સોચતા હૂં સ્વાસ્થ ઠીક નહીં દિન–પ્રનિદિન ગિરતા જાતા હૈ ઔર સબકે સાથ કાર્યક્રમ આરામકા બાધક હૈ.રમા ભજન કરના ઔર ખુબ પ્રેમસે ભગવાન પર ભરોસા રખના સબકો આસીસ કહના ધીરૂકો લડકી ધ્યાનમે રખના. રણછોડદાસકા આસીસઆ પત્ર વાંચતા ભગવાનની તબિયત વિશે વિશેષ ચિંતા તેમજ દુઃખ થવું સહજ હતું. પરંતુ રાજકોટથી પત્ર દ્વારા જાણવા મળેલું કે ભગવાન વીરપુર વાડીમાં એકાન્તમાં આરામમાં બિરાજે છે. રોજ કોઈને દર્શન થતાં નથી. અમુક સેવકો જ પાસે રહે છે. દર રવિવારે સવારે અમુક સમયે દર્શન આપે છે. વીરપુર જવાની ઈચ્છા હોવા છતાં આ માહિતી મળતા જઈશ તો ક્યાં રહીશ તેમજ ભગવાનના આરામમાં બાધક બનીશ તે વિચારે જવાનું માંડી વાળ્યું. થોડા દિવસે બાદ ફરી જાણવા મળ્યું કે હવે ભગવાન વીરપુરથી નીકળી જવાના છે. આ છેલ્લો પવિવાર છે તેથી વીરપુર જવા નીકળી. રવિવારના બદલે ગુરૂવારે ત્રણ દિવસ વહેલી પહોંચી કારણ કદાચ પોગ્રામમાં કંઈ ફેરફાર થાય અને ભગવાન વહેલા નીકળી જાય તે આટલા દૂરથી જતા દર્શન નહીં થાય તો....? મેં વિચારેલું કે જો રવિવારે જ દર્શન મળશે તો બે દિવસ ત્યાંની ધર્મશાળામાં વિતાવી લઈશ.


વીરપુર પહોંચી પહેલાં વાડીએ ગઈ ફૂલહાર હતે તે દરવાજે ચડાવી પ્રણામ કરવા ઈચ્છા હતી. તે પ્રમાણે સડક પર ટાંગામાંથી ઉતરી હારનું પડીકું ખોલતાં ખોલતાં દરવાજે પહોંચી. દરવાજાની અંદર વ્યવસ્થાપક બાઈ ઉભા હતા. તેમના ચહેરા પરથી અણગમે જણાઈ આવ્યો કે હું દાચ અંદર જવા પ્રયત્ન કરીશ. જો કે ભગવાનને આરામ આપવાની ભાવનાથી યોગ્ય કડક વ્યવસ્થા હતી. હું દરવાજા પર હાર ચડાવી બહારથી જ પ્રણામ કરી પાછી ફરી. તેઓ આશ્ચર્ય સાથે જોઈ રહ્યા તેટલામાં તો પરૂ ભાઈ, બહેનોથી ભરેલી એક ગાડી આવી. તેઓ બધા અંદર દર્શને જવાના હતા પરંતુ મારી સામે અંદર જાય તો મને પણ આવવાનું કહેવું પડે તેથી સંકોચને કારણે કેઈ નીચું જેઈને કે આડું જેઈને ગાડીમાં બેસી રહ્યા. બિચારા ''જય ભગવાન'' પણ કઈ રીતે કહી શકે ? ગાડી દરવાજા બહાર ઊભી રાખી મારા જવાની રાહ જેતા હતા હું

# *॥ મધુમેહ મુક્ત ભારત – (૫) ॥*

ડાયાબિટીસને કાબુમાં રાખવામાંનો આવે તો શું તકલીફ થાય તેની ચર્ચા કરી શું કોરોનાની મહામારીને કારણે એક વાત બધા જ સ્વીકારાવા લાગ્યા છે કે જે લોકોને ડાયાબિટીસ છે તેમને કોરોનાને કારણે ખુબ નુકશાન થાય છે, અત્યાર સુધી ડાયાબિટીસનાં જે દર્દી ડાયાબિટીસની ગંભીરતાને સમજતા ન હતા તેઓ પણ કોરોના આવ્યા પછી ડાયાબિટીસ વિષે ગંભીર થયા છે. હજુ પણ ઘણા ડાયાબિટીસનાં જે દર્દી ડાયાબિટીસની ગંભીરતા સમજી શકતા નથી અને પરિણામે ડાયાબિટીસનું નિદાન થયું હોવા છતાં આહાર, વિહાર અને દવાઓ તરફ પૂરતું ધ્યાન નથી આપતા. 'ડોક્ટરો – વૈદ્યો તો ખોટો વ્હેમ ઉભા કરી દે ; મને કોઈ તકલીફ નથી થતી તો શા માટે આ બધી પરેજી – કસરત – દવાની જફા કરવી, એવા કોઈને કોઈ બહાના હેઠળ સારવાર ન કરવાની વૃતિ ઘણા લોકોમાં જેવા મળે છે. આને પરિણામે ડાયાબિટીસનું દર્દ શરીરના અવયવને ધીમે ધીમે કરીને ખુબ મોટું નુકશાન પહોચાડી દે છે. ડાયાબિટીસ અને હાઈબ્લડ પ્રેશરની બિમારી જ એવી છે કે દર્દીને કોઈપણ પ્રકારની જાણ થવા દીધા વગર જ શરીરને અંદરથી ખતમ કરી નાખે છે એટલે જ આ બીમારીઓ શરીરનો છુપો દુશ્મન કહેવાય છે. ડાયાબિટીસને જો સારવારથી નિયંત્રણ હેઠળ ન લાવવામાં આવે તો લાંબે ગાળે આંખ, હૃદય, કીડની, ચેતાતંતુ, રક્તવાહિનીઓ અને ચામડી પર આડઅસરો થાય છે.

**ડાયાબિટીસથી આંખને થતું નુકશાન :** મોટા ભાગના કિસ્સાઓમાં આંખની અંદર આવેલ બાહ્ય પદાર્થોનું પ્રતિબિંબ ઝીલનાર પડદો (નેત્ર પટલ ઉર્ફે રેટીના) સૌથી વધુ નુકશાન પામે છે. આ નેત્ર પટલને લોહી પહોચાડતી રક્તવાહિનીઓ ડાયાબિટીસને લીધે નબળી પડે છે, લીક થાય છે અને એનો અમુક ભાગ જાડો થઈ જાય છે. કયાંક રક્તવાહિનીઓ અમુક ભાગ ફૂલીને ફુગ્ગા જેવો થઈ જાય છે. તો કયાંક નવી રક્તવાહિનીઓ ફૂટી નીકળે છે. આ બધાનું આખરી પરિણામ એક જ આવે છે અંધાપો ! નેત્ર પટલ ઉપરાંત પણ આંખના અન્ય ભાગને ડાયાબિટીસને કારણે નુકશાન થઈ શકે છે. આંખના લેન્સ પર મોતિયો આવવાની શરૂઆત ઘણી વહેલી થઈ શકે અને કયારેક તો બાળપણમાં કે યુવાનીમાં જ મોતિયો આવી જાય એવું બને, કયારેક ઝામર થાય. ડાયાબિટીસને કારણે નુકશાન પામેલ ભાગને રીપેર કરવાનું અંત્યત મુશ્કેલ છે. આંખોના આટલા બધા કોમ્પ્લીકેશનને ધ્યાનમાં રાખતા એવું સૂચવી શકાય કે ડાયાબિટીસનાં દરેક દર્દીએ નિયમિત પણે આંખોની તપાસ નિષ્ણાંત ડોકટરો પાસે કરાવતા રહેવું જોઈએ.

**ડાયાબિટીસને કારણે કિડનીને થતું નુકશાન :** ડાયાબિટીસને કારણે કીડની તથા ઉત્સર્ગતંત્રને સામાન્ય ચેપથી માંડીને કીડની ફેઈલ થવા સુધીનું ઘણીવાર નુકશાન થઈ શકે છે. જો ડાયાબિટીસનાં દર્દીના લોહીમાં ગ્લુકોઝનું નિયંત્રણ સારવારની અનિયમિતતાને લીધે બરાબર થતું ન હોય તો આ ગ્લુકોઝ દર્દીના પેશાબ વાટે બહાર નીકળે છે. દર્દીના પેશાબમાં ગ્લુકોઝની હાજરીને કારણે પેશાબમાં ચેપ લાગવાની શકયતાઓ વધી જાય છે અને વાંરવાર ચેપ લાગવાને લીધે કીડની, મુત્રવાહિની તથા મૂત્રાશયને નુકશાન પહોચ્યા કરે છે. આ ઉપરાંત, કિડનીની રક્તવાહિનીઓને નુકશાન થવાથી તથા કિડનીની પેશીઓ પર અમુક પદાર્થો જામી જવાથી કિડનીની કામગીરી



ડો. ભાવેશ કે. મહેતા
e-mail:drbkmehtarmo@gmail.com

ધીમેધીમે ખોરવાઈ જાય છે. શરૂઆતમાં પેશાબ વાટે ગ્લુકોઝ ઉપરાંત પ્રોટીન નીકળવા લાગે છે. સામાન્ય રીતે પેશાબમાં પ્રોટીન હોતું નથી પણ કિડનીને નુકશાન થવાથી શરીરનું પ્રોટીન કીડની વાટે નીકળવા લાગે છે. આ પછી જેમ જેમ નુકશાન વધી જાય એમ એમ કિડનીની અન્ય કામગીરીઓ ખાસ કરીને લોહી શુદ્ધ કરવાની કામગીરી ખોરવાઈ છે અને પરિણામે લોહીમાં આ અશુદ્ધિઓનો ભરાવો થવા લાગે છે. છેવટે એક તબક્કે બંને કીડની કામ કરતી બંધ થઈ જાય છે અને દર્દીને આખા શરીરે સોજા આવી જાય છે. જો આવી સ્થિતિમાં દર્દીની સારવાર તાત્કાલિક ન કરવામાં આવે તો દર્દી બચી શકતો નથી. કિડનીને કાયમી નુકશાન થઈ ગયા પછી ગમે એટલી સારવારથી પણ ફરી કિડનીને કામ કરતી કરવાનું લગભગ અશકય છે એટલે એવા દર્દીને કા તો વાંરવાર ડાયાલિસીસ કર્યા કરવું પડે અથવા કિડનીનું ટ્રાન્સપ્લાન્ટેશન કરાવવું પડે. જે બંને ખુબ ખર્ચાળ છે. એટલે કિડનીને નુકશાન ન થાય એ માટે ડાયાબિટીસનું નિદાન થાય ત્યારથી જ તકેદારી રાખવી જોઈએ.

**ડાયાબિટીસને કારણે ચેતાતંતુઓને થતું નુકશાન :** શરીરના આંતરિક સંદેશાવ્યવહારનું મુખ્ય કામ સંભાળતા ચેતાતંતુઓ ડાયાબિટીસને કારણે નુકશાન પામે છે. જયારે ચેતાતંતુઓને નુકશાન પહોચે ત્યારે જે પ્રકારના ચેતાતંતુ નુકશાન પામ્યા હોય એ પ્રકાર મુજબ દર્દીમાં એના જુદા જુદા લક્ષણો જોવા મળે છે. શરીરના હાથ–પગમાંથી સવેદના લઈ જનાર ચેતાતંતુ નુકશાન થાય ત્યારે દર્દીને જે તે ભાગમાં ઝણઝણાટી થવી, ખાલી ચડી જવી, હાથ – પગ જુઠા પડી જવા, રૂની ગાદી ઉપર ચાલતા હોય એવો આભાસ થવો અને દુઃખાવો થવો વગેરે લક્ષણો જોવા મળે છે. હાથ કરતા પગની ચેતાને અસર થવાની શકયતા વધારે હોય છે. જેને કારણે પગને નાની – મોટી ઈજાની દર્દીને જાણ થતી નથી અને છેવટે પગનું નુકશાન વધી જાય છે. આ ઉપરાંત શરીરના અવયવો જઠર, આંતરડા, હૃદય વગેરેને આદેશો આપનાર અને સવેદના લઈ જનાર ચેતાતંતુઓને નુકશાન થાય તો દર્દીને પેટમાં ભરાવો થવો, ઉલટી થવી, કબજીયાત રહેવી, સુતા કે બેઠા હોય એ માંથી ઉભા થતા ચક્કર આવવા, નપુસંકતા વગેરે લક્ષણો જોવા મળે છે. ચેતાતંતુને એક વાર નુકશાન થઈ જાય પછી એને સાજા કરવાનું લગભગ અશક્ય હોય છે. અને પછી આપવામાં આવતી દવા માત્ર એના લક્ષણોને દબાવી દેવાનું કામ જ કરતી હોય છે. ચેતાતંતુ ને નુકશાન જ ન થાય એ માટે ડાયાબિટીસનાં દર્દીએ ડાયાબિટીસને સંપૂર્ણ નિયત્રણ હેઠળ (કસરત–ખોરાક–દવા–ઈન્સ્યુલિન વગેરેની મદદથી ) રાખવો જરૂરી છે.




**ડાયાબીટીસને કારણે હૃદય અને રક્ત વાહીનીને થતું નુકશાન :** ડાયાબીટીસના દર્દીઓમાંથી જે દર્દીને આ દર્દ ત્રીસ –ચાલીસ વર્ષની ઉંમર પછી લાગુ પડયું હોયએ દર્દીઓમાં મૃત્યુનુ મુખ્ય કારણ હાર્ટ એટેક હોય છે. વળી, ઘણા ડાયાબીટીસના દર્દીઓને છાતીમાં ખાસ દુઃખાવો થયા વગર જ હાર્ટ એટેક આવે છે. સાઈલેન્ટ એટેક તરીકે ઓળખાતો આ હાર્ટ એટેક દર્દીને પોતાની બીમારીની ગંભીરતાની જાણ જ થવા દેતો નથી અને કયારેક અચાનક મૃત્યુ નોતરે છે. આ સીવાય પણ, ડાયાબીટીસને કારણે આખા શરીરને રક્તવાહિનીઓ બરડ અને સાંકડી થઈ જવાની પ્રક્રીયા ઝડપી બને છે. આને કારણે બ્લડપ્રેશર, પેરાલીસીસ વગેરે બીમારીઓ વધી જાય છે. કયારેક હાથ કે પગના અમુક ભાગમાં લોહીનું ફરવાનું ઓછું થઈ જાય તો થોડું ચાલવાથી કે કામ કરવાથી હાથ – પગમાં સખત દુઃખાવો થઈ શકે છે. લોહી ઓછું પહોચવાને કારણે, ખાસ કરીને પગમાં, વાગેલા ઘા રૂઝાવાનું અને ચેપથી બચવાનું અઘરૂ થઈ જાય છે.

**ડાયાબીટીસના દર્દીમાં લાગતા ચેપ :** ડાયાબીટીસના દર્દીમાં અન્ય લોકોની સરખામણીએ ચેપ લાગવાનું પ્રમાણ વધારે હોય છે. પેશાબનો ચેપ અને ચામડીનો ચેપ આ બે સૌથી વધુ પ્રમાણમાં જોવા મળે છે. ચામડી પર ફુગ અથવા બેકેટેરીયાનો ચેપ લાગી શકે છે. ભેજવાળા વાતાવરણમાં ચામડી પર ફુગના ચેપનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. બેકટેરીયાના ચેપને કારણે ચામડી પર ગુમડા થાય છે અને કંઈક વાગ્યુ હોય તો ત્યાં પણ બેકેટેરીયાનો ચેપ થઈ જાય છે. ગરદન ઉપર મોટું ગુમડું થવાનું અને એને કારણે કયારેક આખા શરીરમાં ચેપ ફેલાઈ જવાનું ડાયાબીટીસના ઘણા દર્દીઓમાં બનતું હોય છે. કાનની અંદર ભારે પાક થવાનું અને ચામડીના સૌથી ઉપરના, મોટા વિસ્તારમાં બેકટેરીયાનો ચેપ થઈ ચામડી ઉખડી જવા સુધીની તકલીફો પણ ઘણી વાર થાય છે.

**ડાયાબીટીસ ના દર્દીએ ખોરાકમાં શું પરેજી રાખવી ?** ડાયાબીટીસના દર્દીએ શું ખાવું તેમા જાત – જાતના મત – મતાંતરો અને ગેર માન્યતાઓ છે જેને આજના યુગ મુજબ શું સાચુ છે તે સમજવાનો અને આ ખોરાક બાબતની ગેરમાન્યતાઓને દુર કરવાનો પ્રયત્ન કરીશુ. પુખ્તવયના ડાયાબીટીસમાં ખોરાકની પરેજી અંગે વૈજ્ઞાનિકોમાં પણ ઘણા વર્ષો થી ચર્ચા – વિચારણા થયા કરે છે અને જેમ જેમ નવી શોધ થતી રહે છે તેમ તેમ ખોરાકી પરેજી અંગેના સલાહ સુચનો બદલાતા રહે છે. ઈન્સ્યુલીનની શોધ થઈએ પહેલાના જમાનામાં ડાયાબીટીસના દર્દીના પેશાબમાં સુગર જતી હોવાથી એનું પ્રમાણ શરીરમાં જાળવી રાખવાના ઉદેશથી એવા દર્દીને વધુ સાકર ખવડાવવામાં આવતી ! આ પછી જમાનો બદલાતો ગયો. એક પછી એક શોધે આપણા ડાયાબીટીસ તથા ખોરાક અંગેના ખ્યાલો બદલ્યા. ડાયાબીટીસના દર્દીને ખોરાક અંગે જે સલાહ આપવામાં આવે છે તે આજથી વીસ વર્ષ પહેલા કંઈક જુદી હતી એટલે પચ્ચીસ – ત્રીસ વર્ષ પહેલા જે દર્દીને ડાયાબીટીસ થયો હોય એ દર્દીને ઘણી જુદી જુદી બદલાતી રહેતી ખોરાકી સલાહ સાંભળવા મળી હોય એવું બને. હજી આજની તારીખે પણ સર્વસ્વિકુત ખોરાકી પરેજી શોધાઈ નથી. અહીં લખેલી પરેજી પણ થોડા વર્ષોમા બદલાઈ જાય એવી પુરી શકયતાઓ સાથે પરેજીની ચર્ચા કરી છે, કારણ કે ટાઈપ – ૨ ડાયાબીટીસએ લાઈફ સ્ટાઈલ ડીસીઝ છે આજે આપણી જે રહેણી – કરણી હોય તે રીતે જો પરેજી પાળીએ તો આપણને ડાયાબીટીસમાં ફાયદો થાય અગાઉની આપણી લાઈફ સ્ટાઈલ જુદી હતી અને ભવીષ્યમાં પણ જુદી હશે એટલે ખોરાક બાબતની એકસરખી પરેજી કાયમનો રહી શકે સમય જતાં તેમાં બદ્લાવ કરવો જ પડે.

ડાયાબીટીસની બીમારીમાં લોહીની અંદર ગ્લુકોઝનું પ્રમાણ વધી જાય છે, એ સૌ કોઈ જાણે છે. ખોરાકનું પાચન થાય ત્યારે એમાં રહેલ ગ્લુકોઝ ઘણા મોટા પ્રમાણમાં આંતરડામાંથી લોહીમાં જાય છે. સામાન્ય તંદુરસ્ત વ્યક્તિના શરીરમાં ગ્લુકોઝનું પ્રમાણ વધે કે તુરંતએ ગ્લુકોઝને લોહીમાંથી જુદા જુદા કોષોની અંદર પહોંચાડી દેવા માટે ઈન્સ્યુલીન નામનો અંતઃ સ્ત્રાવ ઝરે છે અને ગ્લુકોઝનું પ્રમાણ નિયંત્રિત કરે છે. પરંતુ ડાયાબીટીસના દર્દીમાં કા તો જરૂર જેટલું ઈન્સ્યુલીન બનતું નથી અથવા તો બનેલું ઈન્સ્યુલીન જરૂરી અસરો કરી શકતું નથી. આને લીધે જયારે પણ ડાયાબીટીસનો દર્દી ખોરાક લે ત્યારે એના શરીરમાં ગ્લુકોઝનું પ્રમાણ ઘણું વધી જવાની શકયતા રહે છે. લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ અમુક હદથી વધે પછી આ ગ્લુકોઝથી લાભ થવાને બદલે નુકશાન થવા લાગે છે. અને જેટલો લાંબો સમય ગ્લુકોઝનું પ્રમાણ ભયજનક સપાટીની ઉપર રહે એટલા પ્રમાણમાં નુકશાન વધારે થાય છે.

**મર્મબિંદુ :** બેઠાડુ જીવન, સમયના આયોજનનો અભાવ, અપુરતો આરામ, વ્યર્થ દોડાદોડી, આ બધી માંદગીની નિમંત્રણ પત્રીકાઓ છે. **(ક્રમશઃ)**

# ૨૬ એપ્રિલ : તમારા 'વિચાર' ની પણ કિંમત છે, એને ઓળખો અને સુરક્ષિત કરો !

આપણે ત્યાં સામાન્ય રીતે સંપત્તિ એટલે જમીન, મકાન, સોનું કે બેંક બેલેન્સ એવો અર્થ લેવામાં આવે છે. પરંતુ બદલાતા સમય સાથે સંપત્તિની વ્યાખ્યા બદલાઈ છે. ૨૬ એપ્રિલ એટલે 'વર્લ્ડ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી ડે' (બૌદ્ધિક સંપત્તિ દિવસ). આ દિવસ આપણને યાદ અપાવે છે કે આપણા મગજમાં પેદા થતો એક નાનકડો 'યુનિક આઈડિયા' પણ લાખો – કરોડોની સંપત્તિ સમાન હોઈ શકે છે. તમારી બુદ્ધિથી પેદા થયેલી કોઈકલા, કોઈ નવી ટેકનોલોજી, કોઈ સાહિત્યિક કૃતિ કે કોઈ નવી શોધ – આ બધું જ તમારી 'બૌદ્ધિક સંપત્તિ' છે.

**નવી શોધ અને ઈન્ડસ્ટ્રી ૪.૦ નો પડકાર :** આજે આપણે ઈન્ડસ્ટ્રી ૪.૦ ના યુગમાં જીવી રહ્યા છીએ, જયાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ડિજિટલ ટ્વિન્સ અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) આપણી કામ કરવાની રીત બદલી રહ્યા છે. આ ટેકનોલોજીકલ ક્રાંતિમાં સૌથી મોટો સવાલ એ છે કે : શું આપણે માત્ર પશ્ચિમના દેશોએ બનાવેલી ટેકનોલોજીના 'વપરાશકર્તા' (User) બનીને જ રહેવું છે કે આપણે પોતે કંઈક નવું 'સર્જન' (Create) કરવું છે ?

ભારત પાસે પ્રતિભાઓની કમી નથી, પણ આપણે ઘણીવાર આપણા મૌલિક વિચારોને કાયદાકીય રક્ષણ આપવાનું ચૂકી જઈએ છીએ. જયારે તમે કોઈ નવો સોફટવેર બનાવો છો, કોઈ નવી મશીનરીની ડિઝાઈન તૈયાર કરો છો કે કોઈ અનોખો બિઝનેસ લોગો બનાવો છો, ત્યારે તેને 'પેટન્ટ' કે 'ટ્રેડમાર્ક' દ્વારા સુરક્ષિત કરવો અનિવાર્ય છે. એ જ તમારી મહેનતનું સાચું ફળ છે.




**દરેક વ્યક્તિમાં છુપાયેલો છે એક 'ઈનોવેટર' :** ઘણીવાર આપણને એવો ભ્રમ હોય છે કે 'નવી શોધ' કે 'આઈડિયા' તો માત્ર મોટા વૈજ્ઞાનિકો કે એન્જિનિયરોને જ આવે. હકીકતમાં, ઈનોવેશન એટલે કોઈ મોટી વસ્તુની શોધ જ કરવી એવું નથી; ઈનોવેશન એટલે કોઈ પણ સમસ્યાનો 'નવો અને સરળ ઉકેલ' શોધવો. રસોડામાં રસોઈ બનાવવાની પદ્ધતિમાં ફેરફાર કરતી ગૃહિણી હોય, ખેતરમાં ઓછા પાણીએ વધુ પાક લેવાનો નુસખો શોધતો ખેડૂત હોય કે ઓફિસની ફાઈલોને સ્માર્ટ રીતે મેનેજ કરતો કોઈ કર્મચારી – જો તમે કોઈ પણ કામ કરવાની નવી રીત શોધી છે, તો તમે એક 'બૌદ્ધિક સર્જક' છો.

આજના 'કોપી–પેસ્ટ' ના જમાનામાં મૌલિક રહેવું એ સૌથી મોટું સાહસ છે. જે ક્ષણે તમે બીજાનું લખાણ કે વિચાર ચોરીને વાપરો છો, તે ક્ષણે તમે તમારી પોતાની સર્જનશક્તિને મારી નાખો છો. મૌલિકતાનું સન્માન એ જ શ્રેષ્ઠ સંસ્કાર છે અને તે જ પ્રગતિનો સાચો રસ્તો છે.



**તમારી બૌદ્ધિક સંપત્તિને ખીલવવાના ૫ સોનેરી પગલાં :**

**૧. જિજ્ઞાસા કેળવો :** તમારી આસપાસની નાની – મોટી મુશ્કેલીઓને ધ્યાનથી જુઓ. દરેક મુશ્કેલીની અંદર એક નવા આઈડિયાની તક છુપાયેલી હોય છે.

**૨. વિચારોને વાચા આપો :** મગજમાં આવતા અનોખા વિચારોને તરત જ ડાયરીમાં નોંધી લો. જે લખાતું નથી, તે સમય જતાં ભુલાઈ જાય છે.

**૩. શીખવાની ભૂખઃ** ટેકનોલોજી અને જ્ઞાન કયારેય સ્થિર નથી હોતા. ઈન્ડસ્ટ્રી ૪.૦ ના આ સમયમાં તમારી આવડતને સતત અપગ્રેડ કરવી એ જ તમારી બૌદ્ધિક સુરક્ષા છે.

**૪. કાયદાકીય જાગૃતિ :** જો તમે કંઈક નવું સર્જન કર્યુ છે, તો તેને પેટન્ટ, કોપીરાઈટ કે ટ્રેડમાર્ક દ્વારા સુરક્ષિત કરવાની પ્રક્રિયા સમજો. તે તમારો હક છે.

**૫.નૈતિકતાનું પાલનઃ** બીજાના વિચારો અને સર્જનનું હંમેશા સન્માન કરો. સાચો સૂત્રધાર એ છે જે પોતાની બુદ્ધિનો ઉપયોગ લોક કલ્યાણ માટે કરે છે.યાદ રાખજો,તમે જે વિચારી શકો છો તે દુનિયામાં બીજું કોઈ વિચારી શકતું નથી.તમારી બુદ્ધિએ જ તમારી સૌથી મોટી પર્સનલ પ્રોપર્ટી છે. ૨૬ એપ્રિલનો આ દિવસ આપણને પ્રેરણા આપે છે કે આપણે માત્ર ગાડરિયા પ્રવાહમાં નથી ચાલવાનું, પણ આપણે આપણા વિચારોથી એક નવો ચીલો ચાતરવાનો છે.

**છેલ્લે, આ બૌદ્ધિક અમીરાત વિશે આટલું જ :** હાથની લકીરોમાં તો માત્ર નસીબ હોય છે સાહેબ, પણ મગજની લકીરોમાં તો આખું ભવિષ્ય આકાર લે છે ! આ રવિવારે, જરા શાંતિથી બેસીને વિચારજો તમારી પાસે એવો કયો અનોખો વિચાર છે જે દુનિયામાં પરિવર્તન લાવી શકે ? એ વિચાર જ તમારી સાચી ઓળખ બનશે.

# *જીવનમાં મૂલ્યોનું મહત્વ જાળવવું જોઈએ*

અહીં મૂલ્યનો મતલબ કિંમત, દામ કે રૂપિયા પૈસા એવો નથી કાઢવાનો, પરંતુ મૂલ્ય એટલે એક એવા પ્રકારના ઉદ્દેશો કે જેના થકી માનવ પોતાની આગવી ઓળખ બનાવી શકે. દરેક વ્યકિતએ જીવનમાં પોતાના મૂલ્યો નક્કી કરવા જોઈએ અને એને વળગી રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. મૂલ્ય વગરનો માનવી નકામો છે. એક સામાન્ય ઉદાહરણથી સમજીએ કે એક બસ અમદાવાદથી વડોદરા જઈ રહી છે અને તમે અમદાવાદથી બસમાં બેઠા છો, પરંતુ તમારે ખેડા, આણંદ, નડિયાદ કે વડોદરા ક્યાં જવાનું છે, એ નક્કી નથી કર્યું તો પછી બસમાં બેસવાનો કોઈ અર્થ નથી. આજ રીતે આપણે જીવનમાં કાંઈક બનવાના, કાંઈક પ્રાપ્ત કરવાના, નામ કમાવાના કે કોઈનું ભલું કરવાના એવા એક પણ જીવનમૂલ્ય નક્કી ના કરી શકીએ તો આપણું જીવવું નિરર્થક છે.આપણે આપણા જીવનમાં ક્યારેકને ક્યારેક વ્યવહારોમાં સ્વાર્થપૂર્વક કે અજાણતા, આપણાં પોતાના કર્તવ્યો ભુલી જઈએ છીએ. જો આપણે તટસ્થ કે નિષ્પક્ષ રહીશું તો આપણાં કર્તવ્યોનું પ્રામાણિક પણે પાલન કરી શકીશું. આપણે દરેક સમસ્યાઓ કે



મુસીબતોને હાથે કરીને જ ઉપસ્થિત કરીએ છીએ અને એના નિરાકરણની અપેક્ષા પ્રભુ પાસેથી રાખીએ છીએ, આ કેટલે અંશે વાજબી ગણાય?. આજે આપણે જે પણ મુસીબતો કે તકલીફોનો સામનો કરીએ, તે આપણે પોતે જ ઉભી કરેલી છે. શું આ મુસીબતો દૂર કરવાની આપણી પોતાની ફરજ નથી. આ દિશામાં પ્રત્યેક વ્યકિત પોતાના પરિવારથી જ શુભારંભ કરે તો સમાજ અને દેશ પ્રત્યેની જવાબદારીમાં ઘટાડો કરી શકશે, કારણકે, પરિવાર જ સમાજની અંને દેશની એકતા અને ધરોહર છે. વર્તમાન સમયમાં અને બદલાતી પરિસ્થિતિમાં મનુષ્ય ફકત બીજાની ભલાઈનું વિચારે તો પણ એ પ્રભુનો કૃપાપાત્ર બની શકે છે.સામાજિક સુખ, શાંતિ તથા સમૃદ્ધિ માટેનો, આ મહામૂલો મંત્ર છે, એ વાત નક્કી છેકે જો સમાજ સુખી રહેશે તો આપણે પણ સુખી રહીં શકીશું. મૂલ્યો કે આદર્શો વગર માનવ તરીકે જીવવાનો કોઈ અર્થ કે મતલબ નથી.વ્યકિત જ્ઞાની કે વિદ્વાન જરૂર હશે પણ એનું આચરણ સારૂ નહીં હોય તો તે માન સન્માનને પાત્ર બનતો નથી. જ્ઞાનની સાથે સાથે આચરણનું પણ જીવનમાં મૂલ્ય હોવું જરૂરી છે. કોઈ વ્યકિત બહુ વિદ્વાન કે દક્ષ હોય, પરંતુ એની ભાષા, વિચારધારા કે આચરણ સારાં નહીં હોય તો એની વિદ્વતાની કોઈ કિંમત નથી. જીવનમાં સદાચરણ જ સર્વોપરી ગુણ છે, જે વ્યકિત જ્ઞાની છે સાથે સાથે સદાચરણવાળી છે, તે સર્વ જગાએ માન–સન્માનને પાત્ર બને છે. જયારે કોઈ વ્યકિ વિદ્વાન હોય પરંતુ તેનામાં બેઈમાની હોય અને સારૂ આચરણ ના હોય તો એકના એક દિવસે જરૂરથી પોતાનું પતન નોતરે છે.જીવનમાં મૂલ્યોનું મહત્વ જાળવી રાખવું એ આપણાં સૌની નૈતિક ફરજ છે. આપણે પોતે પોતાના સુખ માટે અન્યને દુઃખી કરવાનો પ્રયત્ન કરીશું તો ઈર એમાં રાજી રહેશે નહીં અને તે મુસીબતોનો ફંદો આપણા પોતાના જ ગળામાં આવીને પડશે. માટે દરેક મનુષ્યે જીવનમાં પોતાનું મૂલ્ય નક્કી કરીને, સદાચરણ કરીને અન્યને સુખી કરવાનો અભિગમ રાખવો જોઈએ.

**યોગેશભાઈ આર જોશી**
**હાલોલ :૩૮૯૩૫૦,**
**જિ.પંચમહાલ, મો.નં:**
**૯૮૭૯૦૫૬૬૩૬**

### WMOની ચેતવણી

# અલ નીનોને કારણે ભીષણ ગરમી પડશે, મે મહિનાથી દેખાશે અસર

## આ બદલાતી ભૌગોલિક સ્થિતિને કારણે ભારત સહિત સમગ્ર દક્ષિણ એશિયાના હવામાન પર વ્યાપક અસર પડવાની શક્યતા

નવી દિલ્હી, તા.૨૫

વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠન (WMO) એ એક ગંભીર ચેતવણી આપી છે કે, મે થી જુલાઈ મહિનાની વચ્ચે અલ નીનોની સ્થિતિ સક્રિય થઈ શકે છે. આ બદલાતી ભૌગોલિક સ્થિતિને કારણે ભારત સહિત સમગ્ર દક્ષિણ એશિયાના હવામાન પર વ્યાપક અસર પડવાની શક્યતા છે. પહેલા એવો અંદાજ હતો કે, આ સ્થિતિ ચોમાસાના બીજા હિસ્સા (ઓગસ્ટ-સપ્ટેમ્બર)માં બનશે, પરંતુ હવે તે વહેલું સક્રિય થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. અલ નીનોના કારણે ભીષણ ગરમી પડશે.

અલ નીનો એ એક એવી જળવાયુ સ્થિતિ છે જે દર ૨ થી ૭ વર્ષે સર્જાય છે અને સામાન્ય રીતે ૯ થી ૧૨ મહિના સુધી પ્રભાવી રહે છે. આ કુદરતી ઘટનાને કારણે વિશ્વના વિવિધ ભાગોમાં તાપમાન અને વરસાદની પેટર્નમાં મોટો ઉલટફેર જોવા મળે છે અને સામાન્ય રીતે વૈશ્વિક તાપમાનમાં વધારો થાય છે, જે ગરમીના નવા રેકોર્ડ સર્જી શકે છે. ભારત માટે આ સમાચાર ચિંતાજનક છે, કારણ કે ભારત હવામાન વિજ્ઞાન વિભાગે અગાઉથી જ આ વર્ષે દેશમાં સરેરાશ કરતા ઓછો વરસાદ રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. WMOના જણાવ્યા પ્રમાણે વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં સમુદ્રની સપાટીનું તાપમાન ઝડપથી વધી રહ્યું છે, જેનાથી આગામી મહિને અલ નીનોની સ્થિતિ બનવાનો સંકેત મળી રહ્યો છે.

WMO એ જણાવ્યું છે કે મે, જૂન અને જુલાઈ દરમિયાન જમીનનું તાપમાન સામાન્ય કરતા વધારે રહેવાની શક્યતા છે. આનો અર્થ એ થયો કે લગભગ દરેક જગ્યાએ કાળઝાળ ગરમી પડી શકે છે. સંસ્થાનું માનવું છે કે આવી હવામાન આગાહી કૃષિ, પાણી વ્યવસ્થાપન, ઉર્જા અને આરોગ્ય જેવા ક્ષેત્રો માટે ખૂબ જરૂરી હોય છે, જેનાથી સમય રહેતા તૈયારી કરી શકાય.

WMOના જળવાયુ આગાહીના પ્રમુખ વિલ્ફ્રાન મૌફૂમા ઓકિયાએ કહ્યું કે વર્ષની શરૂઆતમાં તટસ્થ પરિસ્થિતિઓ હતી, પરંતુ હવે બધા મોડેલો અલ નીનોની રચનાની પુષ્ટિ કરી રહ્યા છે અને આગામી મહિનાઓમાં તેના વધુ મજબૂત થવાની સંભાવના છે. એક રિપોર્ટ પ્રમાણે હિન્દુ કુશ હિમાલય ક્ષેત્રમાં આ વર્ષે બરફના પ્રમાણમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. આ વર્ષે હિમવર્ષાનું પ્રમાણ સામાન્ય કરતા ૨૭.૮% ઓછું રહ્યું છે, જે છેલ્લા ૨૦ વર્ષમાં સૌથી ઓછું છે. હિમાલયની પર્વતમાળાઓમાં બરફ ઓછો હોવાને કારણે અહીંથી નીકળતી નદીઓના જળસ્તર પર સીધી અસર પડી શકે છે.અને લગભગ ૨ અબજ લોકોની જળ સુરક્ષા સામે ગંભીર ખતરો પેદા થઈ શકે છે.

સામાન્ય રીતે અલ નીનો દરમિયાન ઓસ્ટ્રેલિયા, ઈન્ડોનેશિયા અને ભારતના કેટલાક ભાગોમાં વરસાદ ઓછો અથવા તો દુષ્કાળની સ્થિતિ બને છે. જ્યારે દક્ષિણ અમેરિકા, અમેરિકાના દક્ષિણ ભાગો, આફ્રિકાના કેટલાક ભાગો અને મધ્ય એશિયામાં વધુ વરસાદ જોવા મળે છે.

### વિરાટ કોહલીના નામે વધુ એક રેકોર્ડ

# વિરાટ કોહલી IPLમાં સૌથી વધુ ચોગ્ગા મારનાર બેટ્સમેન બન્યો

## કોહલીએ અત્યાર સુધીમાં ૨૭૪ મેચોમાં ૮૦૩ ચોગ્ગા ફટકાર્યા

નવી દિલ્હી, તા.૨૫

જ્યારે પણ વિરાટ કોહલી મેદાન પર ઉતરે છે, ત્યારે તેના નિશાના પર હંમેશા કોઈને કોઈ રેકોર્ડ રહે છે. હાલમાં IPLમાં રમી રહેલા વિરાટે ચાલુ સિઝનની ૩૪મી મેચ દરમિયાન એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. તે IPLના ઈતિહાસમાં ૮૦૦ ચોગ્ગા મારનાર પ્રથમ ખેલાડી બન્યો છે. IPLમાં સૌથી વધુ ચોગ્ગા મારવાનો રેકોર્ડ હાલમાં વિરાટના નામે છે. વધુમાં આ જ ઈનિંગમાં તેણે IPL કારકિર્દીમાં ૩૦૦મો છગ્ગો ફટકાર્યો હતો.

IPLમાં સૌથી વધુ ચોગ્ગા મારનાર બેટ્સમેનની વાત કરીએ તો, વિરાટ કોહલી યાદીમાં ટોપ પર છે. અત્યાર સુધીમાં તેણે ૨૭૪ મેચોમાં ૮૦૩ ચોગ્ગા ફટકાર્યા છે. તેના પછી બીજા સ્થાને પૂર્વ બેટ્સમેન શિખર ધવન છે. ધવને ૨૨૨ IPL મેચોમાં ૭૬૮ ચોગ્ગા ફટકાર્યા છે. દરમિયાન ૬૬૩ ચોગ્ગા સાથે ડેવિડ વોર્નર આ યાદીમાં ત્રીજા સ્થાને છે. રોહિત શર્માનું નામ પણ આ યાદીમાં ચોથા ક્રમે છે. તેણે અત્યાર સુધી ૨૭૬ મેચમાં ૬૫૩ ચોગ્ગા ફટકાર્યા છે. ટોપ-૫માં અજિંક્ય રહાણેનો સમાવેશ થાય છે, જેણે ૨૦૫ મેચમાં ૫૨૨ ચોગ્ગા ફટકાર્યા છે.

**IPLમાં સૌથી વધુ ચોગ્ગા મારનાર બેટ્સમેન**

વિરાટ કોહલીઃ ૮૦૩ ચોગ્ગા
શિખર ધવનઃ ૭૬૮ ચોગ્ગા
ડેવિડ વોર્નરઃ ૬૬૩ ચોગ્ગા
રોહિત શર્માઃ ૬૫૩ ચોગ્ગા
અજિંક્ય રહાણેઃ ૫૨૨ ચોગ્ગા

ગુજરાત ટાઈટન્સ સામેની મેચ દરમિયાન છગ્ગો ફટકારીને કોહલીએ IPLમાં ૩૦૦ છગ્ગા પણ પૂરા કર્યા. આ સાથે તે આ સિદ્ધિ મેળવનાર ત્રીજો બેટ્સમેન બન્યો છે. IPLમાં સૌથી વધુ છગ્ગા મારવાનો રેકોર્ડ પૂર્વ ક્રિકેટર ક્રિસ ગેલના નામે છે, જેણે તેની કારકિર્દી દરમિયાન ૧૪૨ મેચમાં ૩૫૭ છગ્ગા ફટકાર્યા હતા. રોહિત શર્માએ ૨૭૬ મેચમાં ૩૧૦ છગ્ગા ફટકાર્યા છે અને તે યાદીમાં બીજા ક્રમે છે. દરમિયાન વિરાટ કોહલીએ ૨૭૪ મેચોમાં ૩૦૦ છગ્ગા પૂરા કર્યા અને આ યાદીમાં ત્રીજા સ્થાને છે.

**IPLમાં સૌથી વધુ છગ્ગા મારનાર બેટ્સમેન**

ક્રિસ ગેલઃ ૩૫૭ છગ્ગા
રોહિત શર્માઃ ૩૧૦ છગ્ગા
વિરાટ કોહલીઃ ૩૦૦ છગ્ગા
એમએસ ધોનીઃ ૨૬૪ છગ્ગા
એબી ડી વિલિયર્સઃ ૨૫૧ છગ્ગા

## અવસાન નોંધ

**ચિતલ :** ચિતલ નિવાસી અને રાજકોટ સ્થિત દિનેશભાઈ વ્રજલાલ હેમાણી ન્યુઝ પેપર એજન્ટ–ચિતલનાં ધર્મ પત્ની મધુરિકાબેન હેમાણી (ઉ.વ. ૬૭) ૨૪ એપ્રિલનાં રોજ રાજકોટ ખાતે અરિહંત શરણ પામેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૪૬૦ | ૧૫૮૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૯૫ | ૧૫૧૫ |
| ૩ | શિંગદાણા | ૧૫૩૫ | ૧૮૨૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૫૭૦ | ૧૮૩૫ |
| ૫ | તલ સફેદ | ૧૬૬૫ | ૨૩૮૦ |
| ૬ | તલ કાળા | ૧૪૩૦ | ૩૬૭૦ |
| ૭ | જુવાર | ૫૨૦ | ૮૨૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૧૫ | ૬૦૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૩૫ | ૫૦૦ |
| ૧૦ | મકાઈ | ૪૧૦ | ૪૧૦ |
| ૧૧ | મગ | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૧૨ | ચણા | ૮૫૦ | ૧૦૬૦ |
| ૧૩ | ચણા દેશી | ૯૫૫ | ૧૦૨૫ |
| ૧૪ | સફેદ ચણા | ૧૦૦૦ | ૧૧૭૦ |
| ૧૫ | છોલે ચણા | ૧૩૮૫ | ૧૫૫૦ |
| ૧૬ | તુવેર | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ૧૭ | કપાસ | ૯૪૦ | ૧૮૯૦ |
| ૧૮ | એરંડા | ૧૦૪૦ | ૧૨૩૫ |
| ૧૯ | જીરૂ | ૩૪૯૦ | ૩૮૫૦ |
| ૨૦ | રાય | ૧૧૫૦ | ૧૩૪૦ |
| ૨૧ | ધાણા | ૨૩૯૦ | ૨૪૫૦ |
| ૨૨ | ધાણી | ૧૮૭૫ | ૨૪૮૦ |
| ૨૩ | અજમા | ૧૬૦૦ | ૧૮૩૫ |
| ૨૪ | મેથી | ૧૦૧૦ | ૧૨૪૦ |
| ૨૫ | સોયાબીન | ૧૨૦૫ | ૧૨૧૦ |
| ૨૬ | મરચા લાંબા | ૧૫૧૦ | ૫૫૧૦ |
| ૨૭ | વરીયાળી | ૧૬૫૦ | ૧૬૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું

### આજીવન કેદની સજા

આપવાની કાર્યવાહી અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કરવા જણાવેલ છે.

આ બનાવમાં અમરેલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારના વિસ્તારમાં રહેતી એક ૧૫ વર્ષની તરૂણીને દાહોદ પંથકમાં રહેતો એક તેમનો પરીણિત સંબંધી અર્જુન મનીયાભાઈ ઉર્ફે મનુભાઈ મોહનીયા નામનો શખ્સ ગત તા. ૩/૬/૨૫ ના રોજ લગ્ન કરવાની લાલચ આપી ગંદુકામ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયેલ હતો. આ અંગે જે તે સમયે તરૂણીના પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

આ અંગેનો કેસ અમરેલીની સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલો તથા કોર્ટ સમક્ષ રજુ કરેલ પુરાવાને અદાલતે ધ્યાને લઈ આરોપી અર્જુન મનીયાભાઈ ઉર્ફે મનુભાઈ મોહનીયાને બી.એન.એસ. કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨) (એફ), ૬૪(૨) (આઈ), ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા જાતિય ગુનાઓથી બાળકોનાં રક્ષણ માટેના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ ૬, ૮, ૧૦ તથા ૧૮ના ગુન્હામાં કસુરવાર ઠરાવી આરોપીને આજીવન કારાવાસ (આરોપીની બાકી રહેલ કુદરતી જીંદગી સુધી) ની સખત કેદની સજા તથા રૂપિયા ૩૦,૦૦૦ના દંડની સજાનો હુકમ કર્યો હતો.

વધુમાં, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૫(૧)માં ઠરાવ્યા મુજબ આરોપી દ્વારા ભરેલ દંડની રકમ ભોગ બનનારને વળતર પેટે ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવેલ છે તથા ભોગ બનનારને વળતર પેટે રૂા. ૪,૦૦,૦૦૦ સરકારમાંથી ચૂકવી આપવાની કાર્યવાહી અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કરવા જણાવેલ છે.

સંકુલ ધો. ૧૧-૧૨ કોમર્સ
અર્થશાસ્ત્ર અથવા કોમ્પ્યુટર બન્ને માંથી કોઈપણ વિષય રાખવાની છૂટ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad(020)

પાના ૮ ઉપરનું ચાલું

### રાજુલા વિસ્તારમાં એરપોર્ટ શરૂ થા તો

પાકિસ્તાનથી મુંબઈ જવાનો દરિયાઈ માર્ગ છે. જે દેશ અને કાંઠાની સુરક્ષા માટે નવું એરપોર્ટ ખુબ જ ઉપયોગી બની રહી છે. અહીં જમીનોના ભાવ ઓછા છે અને પૂરતા પ્રમાણમાં જમીન ઉપલબ્ધ છે અગાઉ એરપોર્ટ માટે જમીનની તપાસ કરાયેલ હતી. રાજુલા વિસ્તારએ છેવાડાનો અને દુરનો વિસ્તાર છે અહીંથી અમદાવાદ આઠથી દસ કલાક રોડ માર્ગ થાય છે અહીંથી ભાવનગર બાય રોડ સાડા ત્રણ કલાક અને દિવ બે કલાક જેટલું દૂર છે એટલે વી.વી. આઈ.પી.ઓ. અને ઉદ્યોગોના એમ.ડી. સી.ઈ.ઓ. માલિકને રોડ મારફતે આવવા જવામાં સમય ઘણો જાય છે.

વધુમાં જણાવેલ છે કે, અહીં ભવિષ્યમાં અહીં ભવિષ્યમાં પ્રવાસન માટે વિકાસની તકો છે કેમ કે અહીં સુંદર દરિયાકાંઠો અને બે ટાપુઓ પણ છે જેમાં ૧. શિયાળ બેટ ૨. ભેંસલા અલ્ટ્રાટેક સિમેન્ટના બે પ્લાન્ટ જે ઉદ્યોગપતિ બિરલાની માલિકીનાં છે સીન્ટેક્સ યાર્ન પીપાવાવ પોર્ટ એ બારમાસી બંદર છે જયાંથી મહિને ૩૦,૦૦૦ જેટલી કાર એક્સપોર્ટ થાય છે અને મસ્ક કંપનીનું પોર્ટ છે.

જે મુખ્યત્વે કન્ટેનરનું અને ગેસની આયાત ની સગવડતા વાળુ છે જે આવતા પાંચ વર્ષમાં ૧૭૦૦ કરોડના નવા રોકાણ કરવાનું છે. પીપાવાવ પોર્ટ એ લીઝ પર એ.પી.એમ ટર્મિનલ કંપનીને ચલાવવા અપાયેલ છે. જેના દુનિયાભરમાં મસ્કના ૬૫ જેટલા પોર્ટ છે જેઓને વખતો વખત આ પીપાવાવ પોર્ટ પર આવવાની સરળતા રહેશે.

વધુમાં જણાવેલ છે કે જી એચ સી એલ કંપની જે મીઠાનું ઉત્પાદન કરે છે સ્વાન શિપ બિલ્ડીંગ થાર્ડ અને સ્વાન એનર્જી જયાં મોટી જેટી બની રહેલ છે. ત્યાં પણ વિદેશીઓની અન્ય ઉદ્યોગોની જેમ અવરજવર રહે છે. નવી હેવી કોપર પ્લાન્ટ બની રહે છે પીપાવાવ પાવર કંપની ઉપરના ઉદ્યોગોને કારણે સ્થાનિક લોકોની આર્થિક ક્ષમતા વેપાર ધંધામાં ઘણો વિકાસ થાય છે અને સ્થાનિક લોકોને બહાર જવા અન્ય એરપોર્ટનો આશરો લેવો પડે છે જેથી રાજુલામાં એરપોર્ટ બનાવવું આર્થિક રીતે ઉપયોગી થશે દરિયા કાંઠો બોર્ડર પર હોય સુરક્ષાના દળો ને ઈમરજન્સીમાં આ એરપોર્ટ ઉપયોગી થશે. મહુવા શહેરને પણ આ એરપોર્ટ ઉપયોગી થશે અહીંની હેવી ઉદ્યોગોમાં ભારતના દૂરના રાજયોના અધિકારીઓ / કર્મચારીઓને વતનમાં આવવા જવામાં ઉપયોગી જેથી રેવન્યુ સચિવ, કલેકટર અમરેલી સત્વરે જમીનની ઉપલબ્ધિ શક્યતાઓ તપાસી પછાત વિસ્તારને વિકાસલક્ષીની તકો સાથે જોડવા વિનંતી છે. એરપોર્ટ માટે સ્થાનિક લોકોનો સંપૂર્ણ સહકાર છે.

ફોરેનના ડેલિગેશનો અવારનવાર વિઝીટ કરતા હોય તેથી આ વિસ્તારના સહેલાઈથી ખાવી જઈ શકે એ જરૂરી છે. આ બાબતે છેલ્લા ૩૦ વર્ષથી પત્ર વ્યવહારમાં જ છે જેથી પ્રભાવી પરિણામ લક્ષી કામગીરીની જરૂર છે. તેમ અંતમાં જણાવેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૪૦ | ૧૨૧૫ |
| ૨ | ઘઉં | ૪૪૦ | ૪૪૪ |
| ૩ | ચણા | ૧૦૦૧ | ૧૦૫૭ |
| ૪ | તુવેર | ૧૨૦૦ | ૧૨૯૦ |
| ૫ | ધાણા | ૨૪૪૦ | ૨૫૪૦ |
| ૬ | કલોંજી | ૨૧૦૦ | ૩૩૨૦ |
| ૭ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૫૨ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૦ | ૧૪૯૦ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૪૦૦ | ૧૪૪૦ |
| ૪ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૫૮ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૪૪૫ |
| ૬ | જીરૂ | ૩૫૦૦ | ૪૦૦૦ |
| ૭ | કપાસ | ૧૪૭૫ | ૧૮૨૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૩૦ | ૪૯૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૧૦ |
| ૧૦ | બાજરો | ૪૫૦ | ૫૫૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૮૬૦ |
| ૧૨ | મગ | ૧૩૫૦ | – |
| ૧૩ | ચણા | ૧૦૩૦ | ૧૦૭૫ |
| ૧૪ | દેશી ચણા | ૧૦૨૦ | ૧૦૯૦ |
| ૧૫ | તુવેર | ૧૩૦૦ | ૧૪૨૧ |
| ૧૬ | એરંડી | ૧૧૮૦ | ૧૨૩૮ |
| ૧૭ | મેથી | ૧૨૫૦ | ૧૩૫૦ |
| ૧૮ | રાય/રાયડો | – | ૧૩૫૦ |
| ૧૯ | ધાણા | ૨૧૦૦ | ૨૪૦૦ |

### ટ્રમ્પના નેતાઓએ રજૂ કર્યું ખતરનાક બિલ!

# શું ભારતીય IT એન્જિનિયરો માટે અમેરિકાના દરવાજા બંધ?

## વિઝાની મર્યાદા ઘટશે, લઘુત્તમ પગાર $200,000 થશે અને પરિવારને સાથે લઈ જવા પર સંપૂર્ણ પ્રતિબંધ

વોશિંગ્ટન, તા.૨૫

જો તમે કે તમારા સ્વજનો અમેરિકા જઈને નોકરી કરવાનું સપનું જોઈ રહ્યા છો, તો તમારા માટે એક ચિંતાજનક સમાચાર છે. અમેરિકાની સંસદ (કોંગ્રેસ)માં એક એવું બિલ રજૂ કરવામાં આવ્યું છે, જે પસાર થશે તો H-1B વિઝા પ્રોગ્રામ ૩ વર્ષ માટે સંપૂર્ણપણે અટકી જશે. રિપબ્લિકન પાર્ટીના સાંસદોએ અમેરિકન નાગરિકોની નોકરીઓ બચાવવાના નામે આ કડક બિલ રજૂ કર્યું છે. આ બિલમાં વિઝાની વાર્ષિક સંખ્યા ઘટાડવા, લઘુત્તમ પગાર વધારવા અને પરિવારને સાથે લઈ જવા પર પ્રતિબંધ મૂકવા સહિતના અનેક આકરા નિયમો સૂચવવામાં આવ્યા છે. આ પ્રસ્તાવની સૌથી મોટી અને સીધી અસર ભારતીય IT પ્રોફેશનલ્સ પર પડી શકે છે.

એરિઝોનાના કોંગ્રેસમેન એલી ક્રેને અન્ય સાત રિપબ્લિકન નેતાઓના ટેકા સાથે "એન્ડ ધ H-1B વિઝા એબ્યુઝ એક્ટ ઓફ ૨૦૨૬" નામનું બિલ રજૂ કર્યું છે. આ બિલને ટેકો આપનારાઓમાં બ્રાયન બેબીન, બ્રાન્ડન ગિલ, વેસ્લી હન્ટ, કીથ સેલ્ફ, એન્ડી ઓગલ્સ, પોલ ગોસર અને ટોમ મેકક્લિન્ટોકનો સમાવેશ થાય છે. આ કાયદા નિર્માતાઓનો સીધો આરોપ છે કે અમેરિકન IT કંપનીઓ સસ્તા વિદેશી કામદારો મેળવવા માટે H-1B વિઝા પ્રોગ્રામનો મોટા પાયે દુરુપયોગ કરી રહી છે, જેનાથી સ્થાનિક અમેરિકનોને નોકરીઓથી વંચિત રહેવું પડે છે.

આ બિલમાં H-1B વિઝા સિસ્ટમમાં અત્યંત કડક સુધારાઓ સૂચવવામાં આવ્યા છે. હાલમાં દર વર્ષે અપાતા વિઝાની મર્યાદા ૬૫,૦૦૦ છે, જેને ઘટાડીને સીધી ૨૫,૦૦૦ કરવાની દરખાસ્ત છે. એટલું જ નહીં, H-1B વિઝા ધારકોનો લઘુત્તમ વાર્ષિક પગાર $200,000 નક્કી કરવાનો પ્રસ્તાવ છે, જે હાલના પગાર ધોરણો કરતા ઘણો ઊંચો છે. આ ઉપરાંત, એક મોટો ફટકો એ છે કે આ વિઝા પર અમેરિકા જતા લોકો પોતાના પરિવારજનો કે આશ્રિતોને હવે સાથે નહીં લઈ જઈ શકે. ભારતના હજારો IT એન્જિનિયરો અને ડૉક્ટર્સ H-1B વિઝાનો સૌથી વધુ લાભ લે છે, તેથી તેમના માટે આ નવા નિયમો એક મોટો પડકાર બની શકે છે. નવા પ્રસ્તાવ મુજબ, હાલની વિઝા ફાળવણીની લોટરી સિસ્ટમ નાબૂદ કરીને પગાર-આધારિત પસંદગી પ્રણાલી લાગુ કરવામાં આવશે. નોકરી આપતી કંપનીઓએ પ્રમાણિત કરવું પડશે કે તેમને સ્થાનિક લાયક અમેરિકન કર્મચારીઓ મળ્યા નથી અને તેમણે કોઈ પણ જૂના કર્મચારીઓને છૂટા કર્યા નથી. સાથે જ, H-1B કામદારો માટે એકસાથે બહુવિધ નોકરીઓ કરવા પર અને થર્ડ-પાર્ટી ભરતી એજન્સીઓ દ્વારા નોકરી મેળવવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવશે.

આ બિલ માત્ર વિઝા પૂરતું સીમિત નથી, પરંતુ તે વિદેશી કામદારોના અમેરિકામાં કાયમી વસવાટના રસ્તા પણ બંધ કરવા માંગે છે. ફેડરલ એજન્સીઓને આવા કામદારોને સ્પોન્સર કરવા પર રોક લગાવવામાં આવશે. આ ઉપરાંત, વિદેશી વિદ્યાર્થીઓને ભણતર પછી કામ કરવાની તક આપતા OPT પ્રોગ્રામને રદ કરવાનો પણ પ્રસ્તાવ છે. બિલમાં સ્પષ્ટ કરાયું છે કે H-1B વિઝા ધારકો ભવિષ્યમાં કાયમી નિવાસી (ગ્રીન કાર્ડ ધારક) બની શકશે નહીં અને તેમણે અમેરિકામાં અન્ય કોઈ વિઝા સ્ટેટસ મેળવતા પહેલા ફરજિયાતપણે એકવાર દેશ છોડવો પડશે.

પાના ૧ ઉપરનું ચાલું

### અમરેલીનાં આકાશમાં ઉડતા

પક્ષીઓ પણ ફફડાટ અનુભવી રહ્યા છે.

જયારે, પાયલોટ ટ્રેનિંગ સેન્ટરની શરૂઆત થઈ તે સમયે પદાધિકારીઓએ શહેરને ઉત્તમ સુવિધા મળી છે તેવું જણાવેલ. પરંતુ, પાયલોટ ટ્રેનિંગ સેન્ટર શહેરની દોઢ લાખ અને આજુબાજુનાં ગ્રામ્ય વિસ્તારની જનતા માટે પરેશાનીરૂપ બની ગયું છે.

અમરેલીનાં સાંસદ અને ધારાસભ્યએ દિવસમાં સવારનાં ૯થી બપોરનાં ૧ અને સાંજના ૫ થી રાત્રિનાં ૯ સુધી જ પાયલોટ ટ્રેનિંગ શરૂ રહે અને અમરેલીને ૧૬ કલાક ટચુકડા વિમાનનાં ઘોંઘાટથી મુકત કરવા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવી જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

પાના ૮ ઉપરનું ચાલું

### ચૂંટણી કર્મચારીઓ મતદાન મથકે

પ્રતિબધ્ધતા દર્શાવે છે.

અમરેલી જિલ્લામાં આવનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચૂંટણી તંત્ર સંપૂર્ણ સજજ બન્યું છે. જિલ્લાનાં દુરસ્ત અને દરિયાઈ વિસ્તારોમાં રહેતા મતદારો પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે વિશેષ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. જેમાં જાફરાબાદ તાલુકાના દરિયાઈ ટાપુ એવા શિયાળબેટ ગામે મતદાન સુનિશ્ચિત કરવા માટે પ્રશાંસન ધ્વારા અનોખુ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આજે ચૂંટણી તંત્ર ધ્વારા પ્રિસાઈડિંગ ઓફિસરો અને સ્ટાફને ઈવીએમ મશીનો સાથે હોડી મારફતે શિયાળબેટ ટાપુ તરફ રવાના કરવામાં આવ્યા હતા. પિપાવાવ પોર્ટના દરિયાકાંઠેથી હોડી ધ્વારા અધિકારીઓએ દરિયો પાર કરી ટાપુ પર પહોંચીને મતદાનની તૈયારીઓ શરૂ કરી હતી.

આ સમગ્ર કામગીરી દરમિયાન પોલીસ બંદોબસ્ત પણ કડક રાખવામાં આવ્યો હતો જેથી ઈવીએમ મશીનો તથા સ્ટાફની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે. દરિયાઈ માર્ગે થતી આ વ્યવસ્થા ચૂંટણી તંત્ર માટે પડકારજનક હોવા છતાં તંત્રએ સફળતાપૂર્વક આયોજન પૂર્ણ કર્યુ છે.

શિયાળબેટ જેવા દુરસ્ત વિસ્તારમાં પણ મતદાન પ્રક્રિયા સરળ અને નિષ્પક્ષ રીતે પૂર્ણ થાય તે માટે ચૂંટણી તંત્ર કટિબધ્ધ છે. દરેક મતદારો સુધી લોકશાહીના આ મહાપર્વને પહોંચાડવા માટે તંત્રની આ પહેલ પ્રશંસનીય ગણાઈ રહી છે.

પાના ૧ ઉપરનું ચાલું

### મિતીયાળા વિસ્તારમાં સસલાનો

ડી.સી.એફ. વિકાસ યાદવના માર્ગદર્શન હેઠળ પાર પાડવામાં આવી હતી. ઓપરેશનમાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર બી.ડી. ચાંદુ સહિત ફોરેસ્ટર અને વનરક્ષકોની ટીમ જોડાઈ હતી.

ડી.સી.એફ. વિકાસ યાદવે જણાવ્યું હતું કે, વન્યજીવો કુદરતની અમૂલ્ય સંપત્તિ છે અને તેમના સંરક્ષણ માટે વિભાગ સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. શિકાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે અને કોઈપણ દોષિતને બક્ષવામાં નહીં આવે.

## કુલમુખ્ત્યારનામું રદ કરવા અંગેની જાહેર નોટિસ

આથી અમો મુકેશભાઈ બાબુભાઈ સોજીત્રા રહે. વાંડળીયા, તા. બાબરા, જિ. અમરેલી વાળા આ જાહેર નોટિસથી લાગતા વળગતા તથા જાહેર જનતા જોગ જાહેર કરીએ છીએ કે,

અમોએ બાબરા ગામે આવેલ સ.નં. ૩૮૪ પૈકી શીવપાર્ક બિનખેતી વાણીજય હેતુના પ્લોટ નં. ૧૯, ૨૦, ૩૦, ૩૧, ૩૨ તથા વિભાગ–૨ની જમીનમાં આવેલ ગોડાઉન/દુકાનો તથા આ મિલ્કતના વહીવટ અંગે અમોએ ધનજીભાઈ અમરશીભાઈ કારેટીયા રહે. બાબરા વાળાને જનરલ પાવર ઓફ એટર્ની યાને કુલમુખ્ત્યારનામું સબ રજીસ્ટ્રાર કચેરી બાબરા ના રજી. નં. ૮૫૧/૨૦૧૧, તા. ૧૮/૦૬/૨૦૧૧ ના રોજ કરી આપેલ, આ કુલમુખ્ત્યારનામું અમો આ નોટિસથી રદ કરીએ છીએ અને અમોએ કુલમુખ્ત્યારને આપેલ અમારા તમામ અધિકારો પરત ખેંચીએ છીએ. શ્રી ધનજીભાઈ અમરશીભાઈ કારેટીયા હવેથી અમારા કુ. મુ. રહેતા ન હોય જેથી કોઈ વ્યકિતઓ, સંસ્થાઓ, કે જાહેર જનતા કે લાગતા વળગતા કોઈપણ વ્યકિતઓએ ઉપરોકત વિગતે વાળી મિલ્કત સંબંધે કુ. મુ. ના આધારે કોઈપણ પ્રકારના વ્યવહાર કરવા નહીં. જેની આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે.

આમ છતાં પણ જો કોઈના દ્વારા ઉપરોકત મિલ્કત સંબંધે કોઈપણ પ્રકારના વ્યવહાર કરવામાં આવશે તો તે રદબાતલ અને બિનઅમલી ગણાશે અને તે અંગેની તમામ જવાબદારી વ્યવહાર કરનારાઓની રહેશે.

**તારીખ : ૨૪/૦૪/૨૦૨૬**
**સ્થળ : બાબરા**

**કુ. મુ. રદ કરનાર**
**મુકેશભાઈ બાબુભાઈ**

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૧૦ | ૧૮૨૨ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૯૫ |
| ૩ | મગફળી | ૧૨૨૫ | ૧૪૮૫ |
| ૪ | જીરૂ | ૩૧૩૫ | ૩૯૯૫ |
| ૫ | ચણા | ૧૦૧૫ | ૧૦૬૫ |
| ૬ | ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| ૭ | એરંડા | ૧૦૩૫ | ૧૧૯૫ |
| ૮ | તુવેર | ૧૧૬૫ | ૧૪૦૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૯૦ | ૪૪૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૩૨ | ૪૬૧ |
| ૪ | ચણા | ૯૭૦ | ૧૦૪૧ |
| ૫ | ધાણા | ૨૩૨૫ | ૨૪૧૫ |
| ૬ | એરંડી | ૧૧૬૭ | ૧૧૬૭ |
| ૭ | તુવેર | ૯૦૦ | ૧૨૪૫ |
| ૮ | તલ સફેદ | ૧૯૦૫ | ૧૯૦૫ |
| ૯ | મગફળી | ૯૪૫ | ૧૧૭૫ |
| ૧૦ | મેથી | ૯૬૦ | ૯૬૦ |
| ૧૧ | સોયાબીન | ૧૧૦૦ | ૧૧૫૧ |
| ૧૨ | ધાણી | ૨૪૦૦ | ૨૪૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૩૦ | ૧૨૬૦ |
| ૨ | તલ સફેદ | ૨૫૭૬ | ૨૫૭૬ |
| ૩ | તલ કાળા | ૨૨૫૦ | ૩૫૨૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૭૯૦ |
| ૫ | બાજરો | ૩૦૦ | ૫૨૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૪૬૧ |
| ૭ | જુવાર | ૫૦૦ | ૯૭૦ |
| ૮ | મગ | ૮૦૦ | ૮૦૦ |
| ૯ | તુવેર | ૧૧૦૦ | ૧૩૫૧ |
| ૧૦ | ચણા | ૧૦૦૦ | ૧૦૪૬ |
| ૧૧ | એરંડી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૨ | સોયાબીન | ૮૦૦ | ૧૧૪૧ |
| ૧૩ | રાય | ૧૧૦૦ | ૧૧૦૦ |

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને મુખ્યમંત્રીએ મત કરવા કરી અપીલ

# આજે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ

### ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ છે, જેમાં ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ ગ્રામ પંચાયત તથા ૨૬૦ જેટલી તાલુકા પંચાયતોમાં મતદાન થશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં તારીખ ૨૬ એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં ૧૦૦ ટકા મતદાન કરવા સૌ નાગરિકોને અપીલ કરી છે. લોકશાહીના આ પવિત્ર મહાપર્વમાં રાજ્યના તમામ મતદારોને ઉત્સાહભેર મતદાન કરવા તેમણે અનુરોધ કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોને આપેલા સંદેશમાં જણાવ્યું કે, લોકશાહીમાં મતદાન માત્ર અધિકાર નથી, પરંતુ નાગરિક તરીકેનું પવિત્ર કર્તવ્ય પણ છે. તો આ સાથે જ પ્રથમ વખત વોટ આપતાં યુવા મતદારોને CMએ શુભકામનાઓ પાઠવી.

તેમણે કહ્યું કે, દરેક મત રાજ્યના ગામ, તાલુકા, જિલ્લા અને શહેરોના સર્વાંગી વિકાસને વધુ વેગ આપશે. આ સાથે જ તેઓએ રાજ્યના તમામ મતદારોને ૨૬ એપ્રિલે પોતાના મતદાન મથક સુધી અવશ્ય પહોંચીને મતદાન કરવા તેમજ પરિવારજનો, મિત્રો, અને પડોશીઓને પણ મતદાન માટે પ્રેરિત કરવાની અપીલ કરી હતી.

૧૦૦ ટકા મતદાન''નો સંકલ્પ લઈને લોકશાહીના આ મહાપર્વને સફળ બનાવવા તેમણે સૌને આવાહન કર્યું છે. વિકસિત ભારતથી વિકસિત ગુજરાત ના નિર્માણ માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની આ ચૂંટણીમાં તારીખ ૨૬ એપ્રિલ, રવિવારે સૌને મતદાન અવશ્યપણે કરવા હાર્દિક અપિલ કરી છે.

ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું આવતીકાલે ૨૬ એપ્રિલે મતદાન છે. તે પહેલા શુક્રવારે પ્રચાર પડઘમ શાંત થયા હતા. ઉમેદવારો મતદારોની વ્યક્તિગત મુલાકાતમાં લાગ્યા છે. પ્રચાર પડઘમ શાંત થતા ઉમેદવારો ડોર ટુ ડોર વ્યક્તિગત સંપર્કમાં લાગ્યા છે. પ્રચાર પડઘમ શાંત પડતા ઉમેદવાર સભા કે રેલી કે બેઠક નથી કરી શકતા. જોકે ઉમેદવાર વ્યક્તિગત સંપર્ક કરી લોકોને મળી શકે છે.

ઉમેદવારો લોકો મતદાન કરે અને વધુમાં વધુ મતદાન થાય તેવી સમજ આપી રહ્યાં છે. દુકાનો અને મકાનો પર જઈ ઉમેદવારો વ્યક્તિગત રીતે સંપર્ક વધારી રહ્યાં છે.

ઉમેદવારો અને મતદારોની સાથે દિગ્ગજ નેતાઓ પણ આવતીકાલે ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભુપેન્દર પટેલ સહિત અનેક નેતાઓ મતદાન કરશે. અમિત શાહ અમદાવાદમાં નારણપુરા વિસ્તારમાં આવેલ કામેશ્વર મહાદેવ નજીક સબ ઝોનલ ઓફિસ ખાતે પરિવાર સાથે મતદાન કરશે. તો મુખ્યમંત્રી શીલજ પ્રાથમિક શાળા મતદાન મથક ખાતે સવારે મતદાન કરશે.

આવતીકાલે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ છે. જેમાં ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ ગ્રામ પંચાયત તથા ૨૬૦ જેટલા તાલુકા પંચાયતોમાં મતદાન થશે. ચૂંટણીના આ મહાસંગ્રામ માટે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી મેદાનમાં છે. તો આ ઉપરાંત બીજા પણ અનેક પક્ષો મેદાનમાં છે. ચૂંટણી પહેલા ભાજપના ખોળામાં ૭૩૧ બેઠકો બિનહરીફ વિજેતા બનીને આવી ગઈ છે. ત્યારે બાકીની બેઠકો પર આવતીકાલે મહાસંગ્રામ જામશે.

## હવામાન વિભાગે તારીખ સાથે કરી ભવિષ્યવાણી

# આ વર્ષે સમય કરતા વહેલું આવશે ચોમાસું

### સૌથી પહેલા આંદામાન અને નિકોબાર ટાપુમાં ચોમાસું ૧૮ થી ૨૫ મેની વચ્ચે દસ્તક આપી શકે છે

નવી દિલ્હી, તા.૨૫

યુરોપિયન સેન્ટર ફોર મીડિયમ-રેન્જ વેધર ફોરકાસ્ટ (ECMWF) ના નવા ડેટા અનુસાર, મે મહિનાના અંત સુધી ચોમાસુંના દક્ષિણ ભારત પહોંચવાની આશા છે. ઉલ્લેખનીય છે કે, ચોમાસું ભારતમાં સૌથી પહેલા કેરળમાં દસ્તક આપે છે, અને તેના બાદ અન્ય રાજ્યો તરફ આગળ વધે છે. સૌથી પહેલા આંદામાન અને નિકોબાર ટાપુમાં આ ચોમાસું ૧૮ થી ૨૫ મેની વચ્ચે દસ્તક આપી શકે છે. કેરળમાં પણ ચોમાસુ ૨૫ મેની આસપાસ આવી જશે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, આ વખતે ચોમાસું વહેલું આવવાનું કારણ અલ નીનો છે. હકીકતમાં, અલ નીનોની સ્થિતિ બનવાની શક્યતા બહુ જ ઓછી થઈ ગઈ છે. પોઝિટિવ ઈન્ડિયન ઓશન ડાઈપોલથી વરસાદ જલ્દી થવાનો છે અને ચોમાસું વહેલા દસ્તક આપે તેવુ દેખાઈ રહ્યું છે. જોકે, આ મહિનાની શરૂઆતમાં જ હવામાન વિભાગે કહ્યું હતું કે, આ વર્ષે ભારતમાં ચોમાસું સામાન્ય કરતા ઓછું રહેવાની શક્યતા છે. જે ત્રણ વર્ષમાં પહેલીવાર આવું થશે. હવામાન વિભાગે કહ્યું હતું કે, ૨૦૨૬ માં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાના મોસમ (જુનથી સપ્ટેમ્બર) માં સમગ્ર દેશમાં વરસાદ સામાન્યથી ઓછા રહેવાની શક્યતા છે. (લાંબા સમયથી અંદાજે (LPA) ના ૯૫-૯૦ ટકા).યુરોપિયન સેન્ટર ફોર મીડિયમ-રેન્જ વેધર ફોરકાસ્ટ એટલે ECMWF ના અનુસાર, ચોમાસાની શરૂઆત વહેલા થવાની શક્યતા છે. ગત વર્ષે ૨૦૨૫ માં પણ અનુમાન હતું કે, કેરળમાં ચોમાસું ૨૭ મેથી ૨૯ મે વચ્ચે પહોંચી જશે. પરંતું તે પહેલા જ ચોમાસાએ દસ્તક આપી હતી. આ રીતે આ વર્ષે પણ વહેલા ચોમાસાના સંકેત છે. હાલનું હવામાનનું મોડલ બતાવે છે કે, હિન્દ મહાસાગરથી આવતી ગરમ હવાઓ તેજ બની રહી છે. જે બંગાળની ખાડી અને અંદામાન સાગરના ઉપર બની રહી છે. આ હવાઓને કારણે એ સમયે એ વિસ્તારમાં સામાન્યથી ૩૦ થી ૬૦ મિલીમીટર વધુ વરસાદ થઈ શકે છે. આંદામાનના ઉત્તરમાં એક ટ્રોપિકલ સિસ્ટમ બનવાની ૨૦ થી ૪૦ ટકા સંભાવના વ્યક્ત કરાઈ છે. આવી સિસ્ટમ સામાન્ય રીતે ચોમાસાને આગળ વધારવામાં મદદ કરે છે. કારણ કે, તે વાતાવરણમાંથી વધુ ભેજ શોષી લે છે. તેના બાદ ૨૫ મેથી ૧ જુનની વચ્ચે ચોમાસાના આગળ વધવાના અણસાર છે. આ દરમિયાન દક્ષિણ-પૂર્વ અરબ સાગરના ઉપર તેજ પશ્ચિમી હવાઓ વહી શકે છે. જે ભેજને સીધા ભારતના દક્ષિણ-પશ્ચિમી તટ તરફ લઈ જાય છે. તેનાથી કેરળ અને તમિલનાડુના દક્ષિણી વિસ્તારોમાં સામાન્યથી વધુ વરસાદ થવાની શક્યતા છે. આ વર્ષના શરૂઆતમાં પડેલી ભીષણ ગરમીની શરૂઆત ચોમાસા પર પડી શકે છે. વધુ ગરમીને કારણે સમુદ્ર પરથી આવનારી હવાઓ પહેલા સક્રિય બની જાય છે. જેનાથી ચોમાસું જલ્દી આવવાની સંભાવના વધી જાય છે.હવામાન વિભાગના એક્સપર્ટસનું કહેવું છે કે, જો સમુદ્ર અને વાતાવરણની સ્થિતિમાં કોઈ બદલાવ ન થાય તો ચોમાસું ૨૫ મેની આસપાસ ભારતમાં દસ્તક આપી શકે છે. અત્યાર સુધીના સંકેત જણાવે છે કે, આ વર્ષે ચોમાસું સામાન્ય સમય કરતા વહેલુ આવી શકે છે. જોકે, હજી સુધી દેશના અનેક ભાગોમાં ગરમીથી રાહત મળી છી. પરંતુ જો આ અનુમાન સાચું સાબિત થયું, તો દક્ષિણ ભારતના લોકોને ગરમીથી મોટી રાહત મળશે.


**વેચવાનું છે-ફાર્મ હાઉસ**

લીલુંછમ્મ આંબાવાળું, ફળદ્રુપ જમીન ધરાવતું તૈયાર ફાર્મ હાઉસ જે ચિતલ-બાબરા હાઈવે રોડથી ૧ કી.મી. અંદર દરેક વાહન જઈ શકે તેવો રોડ

- ૧૬ વીઘા જમીન ફરતી બીમકોલમ ઉપર બેલાવાળી ૬ ફુટની ઊંચાઈવાળી દિવાલ
- ૮૦ ફુટનો પાણીથી ભરપુર કુવો
- ૨૦x૪૦ ફુટનું પાકું મકાન તેમજ ગોડાઉન તથા રસોડું
- પાણીનો ટાંકો (સ્વીમીંગપુલ) તથા ગૌશાળા
- ૬૫૦ ફુટનો બોર (૨૪ કલાક પાણી)
- ૩૦ ફુટ પતરાનો શેડ
- ૨૫ HPનું લાઈટ કનેકશન તથા સાથે મોટું કુદરતી બારેમાસ પાણીથી ભરેલ તળાવ આ ફાર્મ હાઉસ વ્યાજબી ભાવે વેચવાનું છે.

સંપર્ક
અનિલસિંહ જનવાર
મો. ૯૪૨૬૮ ૩૧૨૪૧





## એએપીના ૭ રાજ્યસભા સાંસદો ભાજપમાં જોડાયા છે

# વિલયને મંજૂરી મળશે તો રાજ્યસભામાં એનડીએના સભ્યોની સંખ્યા વધશે

### રાજ્યસભાના કુલ પ્રભાવી સાંસદોની સંખ્યા ૨૪૪ છે, જેમાંથી બે તૃતિયાંશ બહુમતી માટે ૧૬૩ સાંસદોની જરૂર પડે છે

નવી દિલ્હી, તા.૨૫

આમ આદમી પાર્ટીને શુક્રવારે જબરદસ્ત મોટો ઝટકો મળ્યો. રાજ્યસભાના ૧૦ સાંસદમાંથી ૭ સાંસદોએ પાર્ટી સાથે છેડો ફાડ્યો અને ભાજપમાં જોડાઈ ગયા. જેમાં રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક, સ્વાતિ માલિવાલ, હરભજન સિંહ સહિત સાત સાંસદો સામેલ છે. હવે આ ડેવલપમેન્ટ બાદ એનડીએની રાજ્યસભામાં તાકાત વધી ગઈ છે અને ૧૪૫ સુધી પહોંચી ગઈ છે. જો કે આ લીડ મહત્વપૂર્ણ છે પરંતુ આમ છતાં એનડીએ હજુ પણ બે તૃતિયાંશ બહુમતી કરતા દૂર છે. રાજ્યસભાના કુલ પ્રભાવી સાંસદોની સંખ્યા ૨૪૪ છે. જેમાંથી બે તૃતિયાંશ બહુમતી માટે ૧૬૩ સાંસદોની જરૂર પડે છે. જેને જોતા એનડીએને હજુ પણ બહુમત માટે ૧૮ સાંસદની જરૂર છે. આ રાજકીય ઉથલપાથલ બાદ ભાજપની પોતાની સંખ્યા પણ વધતી જોવા મળી રહી છે. જો આમ આદમી પાર્ટીના સાત સાંસદોનો ભાજપમાં ઔપચારિક રીતે વિલય સ્વીકારી લેવાય તો ભાજપ પાસે હવે રાજ્યસભામાં કુલ ૧૧૩ સભ્યો થાય. જ્યારે હાલ ૧૦૬ સાંસદ છે. આ બદલાવ ભાજપને સંસદના ઉપલા ગૃહમાં પહેલા કરતા વધુ મજબૂત બનાવશે. કારણ કે પહેલા અન્ય પક્ષો પર નિર્ભર રહેવું પડતું હતું. રાજ્યસભામાં સાધારણ બહુમત માટે ૧૨૩ સાંસદોના સમર્થનની જરૂર પડે છે. ભાજપ જો સાત નામાંકિત અને બે અપક્ષ સાંસદોનું સમર્થન ભેગુ કરે તો પણ તેનો આંકડો ૧૨૨ સુધી પહોંચી શકે. એટલે કે પાર્ટીને હજુ પણ પોતાના દમ પર બહુમત મેળવવામાં એક ડગલું ખૂટે છે. આ સ્થિતિમાં ભવિષ્યની કાયદાકીય વ્યૂહરચના મુદ્દે આ સ્થિતિ ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવી રહી છે.બંધારણીય સંશોધન સંલગ્ન મહત્વપૂર્ણ બિલો સરળતાથી પાસ થાય તે માટે એનડીએને બે તૃતિયાંશ બહુમત હોય તે ખુબ જરૂર છે. હાલમાં એનડીએ પાસે લોકસભામાં સાધારણ બહુમત જરૂર છે પરંતુ ત્યાં પણ બે તૃતિયાંશ બહુમત નથી. લોકસભામાં આ પ્રકારના સમર્થન માટે ૩૬૩ સાંસદોની જરૂર પડે. આ જ કારણે અનેક મહત્વપૂર્ણ બિલો પાસ કરાવવામાં મુશ્કેલી પડી. આ સમગ્ર મામલાની કાયદેસરની માન્યતા હવે રાજ્યસભાના સભાપતિ સી પી રાધાકૃષ્ણનના નિર્ણય પર નિર્ભર કરશે. રાઘવ ચઢ્ઢાનો દાવો છે કે આમ આદમી પાર્ટીના ૧૦માંથી સાત સાંસદોએ મળીને વિલયનો નિર્ણય લીધો છે. જે બંધારણીય જોગવાઈઓ હેઠળ બે તૃતિયાંશની શરત પૂરી કરે છે. જો આ વિલયને મંજૂરી મળે તો આ સાંસદોની સદસ્યતા સુરક્ષિત રહી શકે છે અને ભાજપની તાકાત વધશે.

## બંગાળમાં પરિવર્તન કે પુનરાવર્તન?

# SIRમાં ૧૮ લાખ મતદારો ઘટ્યા છતાં ૨૪ લાખ વોટ વધ્યા

### ચૂંટણી પંચના અપડેટેડ ડેટા મુજબ, ૧૬માંથી ૧૪ જિલ્લા (કાલિમ્પોંગ અને દાર્જિલિંગ સિવાય)માં ૯૦ ટકથી વધુ મતદાન થયું છે

કોલકાતા, તા.૨૫

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં SIR પ્રક્રિયા શરૂ કરીને અનેક મતદારોના નામ કાપી નાખ્યા હતા, જોકે તેમ છતાં રાજ્યમાં વિધાનસભા ચૂંટણી માટે ગુરુવારે યોજાયેલા પ્રથમ તબક્કાનાં મતદાનમાં 'વોટિંગ ટકાવારી' અને 'કુલ મતદારોની સંખ્યા'માં વધારો થતાં જૂના તમામ રેકોર્ડ તૂટી ગયા છે. ગુરુવારે ૧૬ જિલ્લામાં ૧૫૨ બેઠકો પર મતદાન યોજાયું હતું, ત્યારે આ જ બેઠકો પર ૨૦૨૧માં પણ મતદાન યોજાયું હતું. ૨૦૨૧ અને ૨૦૨૬ની આંકડાઓની તુલના કરતા આ વખતની ચૂંટણીમાં ૨૪ લાખ મતો વધી ગયા હોવાની વિગતો સામે આવી છે.

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી-૨૦૨૬માં પ્રથમ તબક્કામાં ૩.૩૫ કરોડથી વધુ મતદારોએ, જ્યારે ૨૦૨૧માં ૩.૧ કરોડથી વધુ મતદારોએ મતદાન કર્યું હતું. ચોંકાવનારી વાત એ છે કે, SIR પ્રક્રિયા બાદ આ જ ૧૫૨ બેઠકો પર ૧૮ લાખ મતદારો ઘટી ગયા હતા. ૨૦૨૧માં આ બેઠકો પર ૩.૮ કરોડ મતદારો હતા. આ વખતે SIR બાદ મતદારોનો આંકડો ઘટીને ૩.૬ કરોડે પહોંચી ગયો હતો.ચૂંટણી પંચના અપડેટેડ ડેટા મુજબ, ૧૬માંથી ૧૪ જિલ્લા (કાલિમ્પોંગ અને દાર્જિલિંગ સિવાય)માં ૯૦ ટકથી વધુ મતદાન થયું છે. સૌથી વધુ કૂચ બિહારમાં ૯૬ ટકા, દક્ષિણ દિનાજપુરમાં ૯૫.૪ ટકા, જલપાઈગુડીમાં ૯૪.૬ ટકા, વીરભૂમમાં ૯૪.૫ ટકા, માલદામાં ૯૪.૪ ટકા મતદાન થયું છે. SIR બાદ સૌથી વધુ મુર્શિદાબાદમાં નામ કપાયા હતા, જ્યાં આ વખતે ૯૩.૬ ટકા મતદાન નોંધાયું છે.આંકડા મુજબ, બંગાળના મોટાભાગના જિલ્લાઓમાંથી અનેક લોકો અન્ય રાજ્યોમાં કામ કરે છે. તેઓ મતદાન કરવા માટે રાજ્યમાં પરત આવતા મતદાનની ટકાવારીમાં રેકોર્ડ વધારો થયો છે. આ મતદારોએ પોતાની યાત્રા પર હજારો ખર્ચ કરીને અને દૈનિક મજૂરી છોડીને મતદાન કરવા બંગાળ આવ્યા હતા. આ મતદારોને ડર છે કે, જો મતદાન નહીં કરે તો SIR પ્રક્રિયાના કારણે મતદાર યાદીમાંથી તેઓના નામ કપાઈ શકે છે.

ચૂંટણી વખતે કૂચ બિહારકા શીતલકુચીમાં CISFએ ગોળીબાર કરતા ચાર લોકોના થયા હતા, જોકે અહીં સૌથી વધુ ૯૭.૫ ટકા મતદાન થયું છે. જ્યારે SIR પ્રક્રિયા હેઠળ મુર્શિદાબાદમાંથી ૯૧,૭૧૨ નામ હટાવાયા હતા અને અહીં ૯૬.૧ ટકા મતદાન થયું છે. પશ્ચિમ બંગાળના સીઈઓ મનોજ અગ્રવાલે કહ્યું હતું કે, રાજ્યમાં અસ્તિત્વમાં ન રહેલા મતદારોના નામ હટાવ્યા બાદ કુલ મતદારોની સંખ્યા ઓછી થઈ ગઈ છે, જેના કારણે મતદાનની ટકાવારીમાં વધારો થયો છે. જોકે ચોંકાવનારી વાત એ છે કે, શુક્રવારે ચૂંટણી પંચના ડેટામાં સામે આવ્યું છે કે, મતદારોની સંખ્યામાં પણ વધારો થયો છે. કૂચ બિહારની તમામ બેઠકો પર ૯૪ ટકાથી વધુ મતદાન થયું છે, જ્યારે દક્ષિણ દિનાજપુરની છમાંથી પાંચ બેઠકો પર ૯૫ ટકા મતદાન થયું છે.


**Shree Amreli Jilla Vidhyasabha**
**Kamani Science & Pratapral Arts College (Self Finance Division), Amreli**
Affiliated to Saurashtra University, GTU, INC, GNC & AICTE

| Principal | Vice Principal | Professor | Associate Professor | Assistant Professor | Tutor | Lab. Asst. | Computer Prog. | Librarian | PTI |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **B.C.A Department** | | | | | | | | | |
| - | - | - | - | 24 | - | - | 4 | - | - |
| **M.C.A Department (Proposed)** | | | | | | | | | |
| - | - | - | - | 4 | - | - | 2 | - | - |
| **B.SC (Microbiology/Biotechnology) Department** | | | | | | | | | |
| - | - | - | - | 4 | - | 2 | - | - | - |
| **M.SC (Chemistry/Physics) Department** | | | | | | | | | |
| - | - | - | - | 3 Organic-1 Inorganic-1 Physical-1 | - | 2 | - | - | - |
| **B.A (Psychology) Department** | | | | | | | | | |
| - | - | - | - | 1 | - | - | - | - | - |
| **Maniba Gajera Institute of Nursing College** | | | | | | | | | |
| 1 | 1 | 1 | 4 | 3 | 5 | - | - | 1 | 1 |

Qualifications & Salary : As Per UGC/Saurashtra University/Government of Gujarat/GTU/AICTE/INC/GNC norms. Interested Candidates can send their application, resume and necessary documents in hard copy by Registered Post or at College Office within 15 days from the date of advertisement

Mantri Shree, Self-finance Office, Kamani Science College Building
Vidhyasabha Campus, Lathi Road, Amreli-365601 (Gujarat)
Email id: director.sfcvidyasabha@gmail.com, Mo: 87587 39898


## રાઘવ ચઢ્ઢાની વધી જશે મુશ્કેલીઓ!

# અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાનો માસ્ટરપ્લાન તૈયાર

### આ બેઠકમાં બળવો કરનારનું સાંસદ પદ રદ કરાવવા માટે રાજ્યસભાના અધ્યક્ષને પત્ર લખવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો

નવી દિલ્હી, તા.૨૫

આમ આદમી પાર્ટી (AAP) અત્યારે મોટા સંકટમાંથી પસાર થઈ રહી છે. રાઘવ ચઢ્ઢાના નેતૃત્વમાં ૨/૩ જેટલા રાજ્યસભાના સાંસદોએ પાર્ટી છોડીને ભાજપમાં જોડાવાનો દાવો કર્યા બાદ દિલ્હીથી લઈને રાષ્ટ્રીય રાજકારણ ગરમાયું છે. આ કટોકટીનો સામનો કરવા માટે શુક્રવારે (૨૪ એપ્રિલ) મોડી રાત્રે અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા વચ્ચે અડધો કલાક લાંબી મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બળવો કરનાર રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક અને અશોક મિત્તલ સહિતના નેતાઓ સામે કડક કાર્યવાહી કરીને તેમનું સાંસદ પદ રદ કરાવવા માટે રાજ્યસભાના અધ્યક્ષને પત્ર લખવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.ગુજરાતમાં રાજકોટ મ્યુનિસિપલ ચૂંટણીના પ્રચારમાંથી શુક્રવારે મોડી રાત્રે દિલ્હી પરત ફરેલા મનીષ સિસોદિયા સીધા જ એરપોર્ટથી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાને પહોંચ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને દિગ્ગજ નેતાઓ વચ્ચે ૩૦ મિનિટથી વધુ સમય સુધી ચર્ચા ચાલી હતી. આ બેઠકમાં પાર્ટીમાં પડેલા મોટા ભંગાણ, તેની આવનારા સમયમાં પાર્ટી પર પડનારી સંભવિત અસર અને હવે આગળ શું કરવું તેની ભવિષ્યની રણનીતિને લઈને ગહન મંથન કરવામાં આવ્યું હતું.કેજરીવાલ અને સિસોદિયાએ બળવાખોર સાંસદોની મુશ્કેલીઓ વધારવા માટે કમર કસી છે. પાર્ટી હવે રાજ્યસભાના અધ્યક્ષને પત્ર લખીને આ નેતાઓ સામે પગલાં લેવા રજૂઆત કરશે. છઈઁ ના રાજ્યસભાના ચીફ વ્હિપ એનડી ગુપ્તા દ્વારા રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક અને અશોક મિત્તલ વિરુદ્ધ પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ કડક કાર્યવાહીની માંગ કરતો પત્ર સોંપવામાં આવશે. નોંધનીય છે કે આ ૩ નેતાઓ ખુલ્લેઆમ ભાજપની છાવણીમાં જોડાઈ ગયા છે, જ્યારે અન્ય ૪ નેતાઓએ હજુ સુધી જાહેરમાં આવું કર્યું નથી, તેથી હાલ પૂરતી આ ૩ નેતાઓ સામે જ ઔપચારિક ફરિયાદ નોંધાવવામાં આવશે.આ મામલે AAP ના વરિષ્ઠ નેતા સંજય સિંહે પણ સ્પષ્ટ કર્યું છે કે તેઓ રાજ્યસભાના અધ્યક્ષને પત્ર લખીને બંધારણની ૧૦મી અનુસૂચિનો હવાલો આપશે અને આ સાંસદોને ગેરલાયક ઠેરવવાની માંગ કરશે. બંધારણની ૧૦મી અનુસૂચિમાં પક્ષપલટાના આધારે સાંસદોને ગેરલાયક ઠેરવવાની સ્પષ્ટ જોગવાઈઓ છે.ઉલ્લેખનીય છે કે ૨૪ એપ્રિલના રોજ રાઘવ ચઢ્ઢાના નેતૃત્વમાં અશોક કુમાર મિત્તલ, સંદીપ પાઠક, હરભજન સિંહ, રાજીન્દર ગુપ્તા, વિક્રમજીત સિંહ સાહની અને સ્વાતિ માલીવાલે છઈઁ નો સાથ છોડીને ભાજપમાં જવાનો નિર્ણય લીધો હતો. પાર્ટીમાં આ વિવાદ અને આંતરિક નારાજગી છેલ્લા ઘણા અઠવાડિયાથી ચાલી રહી હતી, પરંતુ રાઘવ ચઢ્ઢાને રાજ્યસભામાં ઉપનેતા પદ પરથી હટાવ્યા બાદ આ મતભેદો સપાટી પર આવ્યા અને આખરે તેણે બળવાનું રૂપ લઈ લીધું હતું.


**હેપ્પી બર્થ ડે...**

અમરેલીના શ્યામનો જન્મદિન હોવાથી

પપ્પા : વિજેશભાઈ આર., મમ્મી : રિદ્ધિબેન બી.

દાદી : વિમળાબેન આર., દાદા : રમણભાઈ કે.

મોટા મમ્મી : આશાબેન જે., મોટા પપ્પા : જયદિપભાઈ

નાનોભાઈ : જશ, તથા ગેડિયા તરફથી લાડકડા શ્યામના તેના જન્મદિન નિમિતે ખૂબ ખૂબ શુભકામનાઓ સહ આશિર્વાદ... મુ. અમરેલી



શ્યામ બી.ગેડિયા


# અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ દુનિયા પર ભારે પડી રહ્યું છે

નવી દિલ્હી, તા.૨૫

અમેરિકા-ઈરાન વચ્ચે ૫૦ દિવસથી વધુ સમય ચાલેલા યુદ્ધમાં જોકે અત્યારે સીઝફાયર ચાલી રહ્યું છે, પરંતુ વૈશ્વિક ચિંતા યથાવત ચે. આ જંગની અસર દુનિયાના તમામ દેશોમાં તેલ-ગેસ સંકટના રૂપમાં જોવા મળી, કારણ કે હોર્મુઝ સ્ટ્રેટ બંધ થઈ ગયું. આ વચ્ચે સંયુક્ત રાષ્ટ્રના વિકાસ પ્રમુખ તરફથી મોટી ચેતવણી આપવામાં આવી છે, જેમાં કહેવામાં આવ્યું છે યુદ્ધને કારણે ઉભી થયેલી પરિસ્થિતિને કારણે આશરે ૩ કરોડ લોકો ગરીબીમાં પહોંચી શકે છે. રિપોર્ટમાં તેની પાછળના મોટા કારણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.રોયટર્સના રિપોર્ટ પ્રમાણે સંયુક્ત રાષ્ટ્રના ગ્રોથ ચીફ એલેક્ઝેન્ડર ડી ક્રૂએ મિડલ ઈસ્ટના ખતરનાક પ્રભાવ તરફ ફોકસ કર્યું છે અને મોટી ચેતવણી જાહેર કરી છે. તેમણે કહ્યું કે ઈરાન-અમેરિકા યુદ્ધને કારણે હોર્મુઝ સ્ટ્રેટથી માલવાહક જહાજોના સતત ફસાયેલા રહેવાને કારણે ઈંધણની અછત નહીં, ફર્ટિલાઈઝરની સપ્લાય પણ પ્રભાવીત થઈ છે, જે કૃષિ ઉત્પાદન પર સીધી અસર કરી રહી છે. આ વર્ષના અંત સુધીમાં પાકના ઉત્પાદનમાં તેની અસર જોવા મળશે. ક્રૂએ આગળ કહ્યું કે અમેરિકા અને ઈરાનનું આ યુદ્ધ ભલે ખતમ થઈ જાય, પરંતુ તે પહેલા જોવા મળી રહેલા પ્રભાવ આગળ યથાવત રહેશે, જે દુનિયાની ૩૦ મિલિયન કે ૩ કરોડ વસ્તીને ગરીબીમાં ધકેલી શકે છે. આ સંઘર્ષના અપ્રત્યક્ષ પ્રભાવોથી આવનારા મહિનામાં ખાદ્ય અસુરક્ષા વધવાની આશંકા છે.સંયુક્ત રાષ્ટ્રના ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) એ પણ પાછલા સપ્તાહે કેટલીક ચેતવણી જાહેર કરી હતી અને તેમાં કહેવામાં આવ્યું કે મિડલ ઈસ્ટ યુદ્ધને કારણે હોર્મુઝ સ્ટ્રેટમાં લાંબા સમય સુધી ચાલવાથી વૈશ્વિક ફૂડ સંકટનું કારણ બની શકે છે.એફએઓ પ્રમાણે ભારત, બાંગ્લાદેશ, શ્રીલંકા, સોમાલિયા, સૂડાન, તાંઝાનિયા અને મિસ્ત્ર જેવા દેશોમાં સૌથી વધુ જોખમ જોવા મળી રહ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે થોડા મહિનામાં ખાદ્ય અસુરક્ષાનું સંકટ જોવા મળી શકે છે અને સૌથી મોટી વાત છે કે તેના વિશે વધુ કંઈ ન કરી શકીએ.સંયુક્ત રાષ્ટ્ર વિકાસ (UNDP) ચીફ ડી ક્રૂનું કહેવું છે કે ઈરાન યુદ્ધને કારણે પહેલા જ વૈશ્વિક જીડીપીના ૦.૫ ટકાથી ૦.૮ ટકા સુધી નષ્ટ થઈ ગયા છે. તેમણે કહ્યું કે જે વસ્તુને બનાવવામાં દાયકાઓનો સમય લાગી જાય છે, તેને નષ્ટ કરવા માટે આઠ સપ્તાહનું યુએસ-ઈરાન યુદ્ધ પૂરતું રહ્યું.૨૮ ફેબ્રુઆરીએ આ યુદ્ધની શરૂઆત થઈ હતી, જ્યારે અમેરિકા-ઈઝરાયલે ઈરાન પર સ્ટ્રાઈક શરૂ કરી હતી અને ઈરાનના પલટવાર બાદ દુનિયાની લાઈફલાઈન ગણાતા તેલ-ગેસ રૂટમાં સમસ્યા થઈ ગઈ અને એનર્જી સહિત જરૂરી સામગ્રીઓની સપ્લાય ચેન તૂટી ગઈ હતી.

## રાજ્યની ૧૮ મનપાની ચૂંટણીની વરવી વાસ્તવિકતા

# ૯૦%થી વધારે મતદારોને ઉમેદવારના નામ જ ખબર નથી!

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૫૦ ટકા અનામતની અમલવારી થવાથી અડધો-અડધ મહિલા ઉમેદવારો લેવા પડ્યા

નવી દિલ્હી, તા.૨૫

ગુજરાતના રાજકીય ઈતિહાસમાં હાલની ૨૦૨૬ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી એક નવા વળાંક સમાન સાબિત થવા જઈ રહી છે. ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોના જંગમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ જે પ્રકારે ઉમેદવારોની પસંદગી કરી છે, તે રાજ્યના ભાવિ શાસન અને વહીવટી પારદર્શિતા પર અનેક સવાલો ઊભા કરે છે. સત્તાની શતરંજ પર આ વખતે માત્ર ચહેરાઓ બદલાયા નથી, પરંતુ ઉમેદવારીના માપદંડોમાં પણ આમૂલ પરિવર્તન જોવા મળ્યું છે, જેની પાછળ પક્ષોની વ્યૂહનીતિ અને જનતાની અપેક્ષાઓ વચ્ચેનું અંતર સ્પષ્ટપણે વર્તાય છે.સૌથી વધુ આશ્ચર્યજનક એ છે કે, ૧૮ મહાનગરપાલિકાની ચૂંટણીમાં આજે પ્રચાર પડઘમ શાંત થઈ ગયા છે અને આવતીકાલે મતદાન થનાર છે છતાં ૯૦ ટકાથી વધુ મતદારોને પોતાના વિસ્તારના ભાજપ, કોંગ્રેસ, આપ કે અન્ય કોઈ ઉમેદવારનાં નામ ખબર નથી! એ તો ઠીક ૯૦ ટકાથી વધુ ઉમેદવારો પણ રાજનીતિમાં ઠોઠ છે, જેમને પોતાના મતક્ષેત્રમાં કયા જ્ઞાતિ-વર્ગના કેટલા મતદારો છે, કયા-કયા વિસ્તારો આવે, મહાપાલિકાનું બજેટ કેટલું હોય, પોતાને ચૂંટાયા પછી શું કરવાનું રહેશે? જેવી સામાન્ય બાબતોની પણ ખબર નથી. જો કે, નગરપાલિકા ક્ષેત્રમાં મત વિસ્તાર થોડા નાના હોવાથી નેતા-જનતા થોડાં જાગૃત જણાય છે. હવે આઝાદીના સાત દાયકા બાદ સારું કે નઠારું પણ દરેક જિલ્લા-તાલુકા પંચાયતમાં સમાવિષ્ટ ગ્રામ્ય કક્ષાએ નાત-જાતના વડા અકબંધ હોવાથી હાલમાં જ્ઞાતિ આધારિત રાજનીતિને કારણે મતદારો-ઉમેદવારો સૌ એકબીજાને ઓળખે છે.સૌથી ગંભીર વાત એ છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૫૦ ટકા અનામતની અમલવારી થવાથી અડધો-અડધ મહિલા ઉમેદવારો લેવા પડ્યા છે, પણ એમાં ૮૦ ટકાથી વધુ મહિલા ઉમેદવારો તો રાજનીતિથી અજાણ છે. એમને બગાસું ખાધા વગર પતાસું મોઢામાં આવી ગયું છે. વળી, મહિલા અનામત, મતદાર મંડળની રચના અને એસી-એસટી સહિતની અનામત બેઠકની ફાળવણીની ગુંચવણના કારણે ભાજપ-કોંગ્રેસે નાછૂટકે આંતરિક અસંતોષ વેઠીને પણ જૂના જોગીઓને નવા ચહેરાઓને ચૂંટણી જંગમાં ઉતારવા પડ્યા છે.




# જિલ્લા પંચાયત, ૧૧ તાલુકા પંચાયતો અને ૬ પાલિકાઓની આજે ચૂંટણી યોજાશે

# ચાલો, લોકશાહીનાં પર્વમાં : ચૂંટણી કર્મચારીઓ મતદાન મથકે પહોંચ્યા

**જિલ્લામાં ઉભા કરાયેલ કુલ ૧૩૨૪ મતદાન મથકો માટે ૯ હજાર જેટલા કર્મચારીઓ ફરજ બજાવવા રવાના**

**એસ.ટી. બસ તેમજ બેટ વિસ્તારમાં બોટ મારફત પોલિંગ સ્ટાફ મતદાન મથકે પહોંચ્યો**

**જિલ્લાની સ્થાનિક ચૂંટણી માટે ૧૧૧૭ ઉમેદવારો વચ્ચે ચૂંટણીજંગ જામેલ છે**


**આજે સવારનાં ૭થી સાંજનાં ૬ સુધી ચાંપતાં બંદોબસ્ત વચ્ચે મતદાન થશે : મંગળવારે મત ગણતરી**















અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈને ચૂંટણી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. ગુજરાતના અંતિમ ગામ અને ચોતરફ દરિયાની વચ્ચે આવેલ શિયાળબેટ જેવા દરિયાઈ ટાપુ પર વસતા મતદારો સુધી મતદાનની સુવિધા પહોંચે તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે જે લોકશાહી પ્રત્યેની તંત્રની

અનુસંધાન પાના ૬ ઉપર

### મતદાન કરવા માટે દિલ્હીથી આવવા રવાનાં

## ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી આજે સજોડે માળીલા ખાતે મતદાન કરશે

**દિલ્હીથી હવાઈ માર્ગ રાજકોટ અને ત્યાથી અમરેલી પહોંચ્યા**

અમરેલી, તા. ૨૫

લોકશાહી શાસનમાં ચૂંટણી પ્રકિયા અતિ મહત્વની હોય છે અને મતદાન એટલે લોકશાહીનો આત્મા હોય છે. આ લોકશાહીને જીવંત રાખવા મતદાન પ્રકિયા અતિ મહત્વની હોવાનું સૌ માની રહ્યા છે અને મતદાન પ્રકિયા કરવા માટે ઈફકો ચેરમેન દેશનાં પાટનગર દિલ્હીથી ખાસ પધારી ગયા છે.



તેઓ આજે બપોરે દિલ્હીથી તેમના ધર્મ પત્ની ગીતાબેન સાથે હવાઈ માર્ગ રાજકોટ આવી પહોંચયા અને બાદમાં તેઓ મોડી સાંજે અમરેલી આવી ગયા અને આવતીકાલ રવિવારે સવારે તેઓ તેમના વતન માળીલા ખાતે સજોડે મતદાન કરશે અને સમગ્ર જિલ્લાનાં મતદારોને અચુક મતદાન કરવા તેઓએ સૌને અનુરોધ કરેલ છે.

### જાગૃત નાગરિકે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

## રાજુલા વિસ્તારમાં એરપોર્ટ શરૂ થાય તો ઔદ્યોગિક વિકાસ અને દરિયાઈ સુરક્ષા મજબુત થશે

**પૂરતા પ્રમાણમાં જમીન પણ ઉપલબ્ધ છે**

રાજુલા, તા. ૨૫

રાજુલાનાં સામાજિક કાર્યકર વિક્રમ સાંખટે મુખ્યમંત્રીને પત્ર પાઠવીને રાજુલા પંથકમાં એરપોર્ટ શરૂ કરવા માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, દરિયાકાંઠાનો વિસ્તાર ૫૫ કિલોમીટર જેટલો છે અહીં

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)